# Current Affairs June-2018

## 1.June 2018

### (૧) વર્લ્ડ મિલ્ક ડે

– વર્લ્ડ મિલ્ક ડે ની ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર સંઘની ખાદ્ય અને કૃષિ સંસ્થા (એફએઓ) દ્વારા વૈશ્વિક ખોરાક તરીકે દૂધનું મહત્વ ઓળખે છે.
– ૨૦૦૧ થી દર વર્ષે વર્લ્ડ મિલ્ક ડે ની ઉજવણી કરવામાં આવે છે.
– આ વર્ષ ૨૦૧૮ ની થીમ : Raise a Glass
– વર્લ્ડ પ્લેનેટ મિલ્ક ડે ૨૨ ઓગસ્ટ

### (૨) સુજલામ્ સુફલામ્ જળ યોજનાની પુર્ણાહુતિ

– ગુજરાતના સ્થાપના દિનથી એક મહિના સુધી રાજ્યવ્યાપી સુજલામ્ સુફલામ જળ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.
– ૩૧ મેના રોજ ધંધુકા ખાતે સુજલામ્ સુફલામ જળ સંચય યોજના સમારંભની પુર્ણાહુતી મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં યોજાઇ હતી.
– જેમાં મુખ્યમંત્રીએ ૧૦૮ નર્મદા કુંભની પૂજન વિધિ કરીને તેના જળને તળાવમાં વહેતુ કર્યું હતું.
– યોજનાની શરૂઆત મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના કોસમડી અને નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ દ્વારા મહેસાણા જિલ્લાના લાંઘણજ ખાતેથી કરવામાં આવી હતી.
– રાજ્ય અને નાગરિકો સમાન રીતે યોગદાન દ્વારા આ અભિયાન ‘જન ભાગિદારી’ હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રશ્નો :

૧ ૧ જુનના રોજ કયો દિવસ ઉજવાય છે ?
– વર્લ્ડ મિલ્ક ડે
૨ વર્લ્ડ મિલ્ક ડે–૨૦૧૮ ની થીમ જણાવો ?
– Raise a glass
૩ વર્લ્ડ પ્લેનેટ મિલ્ક ડે ક્યારે ઉજવવામાં આવે છે ?
– ૨૨ ઓગસ્ટ
૪ સુજલામ્ સુફલામ્ જળ યોજનાની પુર્ણાહૂતિ કયાં સ્થળે યોજાઇ હતી ?
– ધંધૂકા
૫ વર્લ્ડ મિલ્ક ડે ની ઉજવણી કયા વર્ષથી કરવામાં આવે છે ?
– ૨૦૦૧

## 2.June 2018

### (૧) સુર્ય કિરણ ભારત નેપાળ લશ્કરી કવાયત :

– ભારત અને નેપાળના જવાનોની સંયુક્ત લશ્કરી કવાયત ઉત્તરાખંડના પિથોરાગઢમાં યોજાયું.
– આ લશ્કરી કવાયતમાં અરાજકતા તેમજ ત્રાસવાદ વિરોધી તાલીમ આપશે.
– આ પ્રકારની કવાયત દર છ મહિને નેપાળ તેમજ ભારતમાં વારાફરતી યોજાય છે.

### (૨) ચીન અર્થ ઓઝર્વેશન :

– ચીને સફળતાપૂર્વક અર્થ ઓઝર્વેશન સેટેલાઇટનું પરિક્ષણ કર્યું જે કૃષિ માટે ઉપયોગી છે.
– ચીને એક નવા અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.
– આ સેટેલાઇટનો ઉપયોગ મોટા ભાગે કૃષિના સ્રોત અને આપત્તિના સમયે વિનાશક મોનિટરિંગ માટે કરાશે.
– ગૉફન–૫ સેટેલાઇટને લોંગ માર્ચ ટૂડી રોકેટ પરથી ઉત્તર પશ્ચિમ ચીના જીજ્વાન સેટેલાઇટ લોંચ સેન્ટરમાંથી છોડાયો.

### (૩) અભિનેતા અનુપમ ખેર ઓડિટ સલાહકાર બોર્ડના સભ્ય બન્યા.

– અનુપમ ખેરને કેન્દ્રિય ઓડિટ સલાહકાર બોર્ડના સભ્ય બનાવાયા છે. તેમનો કાર્યકાળ ૨ વર્ષનો રહેશે.
– તેમને શનિવારે એજીના ડાયરેક્ટર જનરલ ગુલઝારીલાલનો પત્ર જાહેર કર્યો હતો.

પ્રશ્નો :

૧ ભારત – નેપાળની લશ્કરી કવાયતનું નામ જણાવો ?
– સુર્યકિરણ
૨ ભારત – નેપાળની લશ્કરી કવાયત કયાં યોજાઇ હતી ?
– ઉત્તરાખંડના પિથોરાગઢ
૩ ભારત – નેપાળ વચ્ચે દર કેટલા મહિને લશ્કરી કવાયત યોજાઇ છે ?
– ૬ મહિને

## 3.June 2018

### (૧) વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સિંગાપોર યાત્રા :

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે સિંગાપોરમાં બીજો અને છેલ્લો દિવસ છે.
– જ્યાં તેઓએ ભારત અને સિંગાપુરના નેવીના અધિકારીઓ સાથે મુલાકાત કરી સાથે જ અહીં તૈનાત TNS સતપુડાની પણ મુલાકાત કરી.
– આ પ્રસંગે તેમની સાથે સિંગાપુરના રક્ષા રાજ્યમંત્રી મોહમ્મદ મલિકિ ઓસ્માન હાજર હતા.
– આ પહેલાં મોદીએ અમેરિકી રક્ષા સચિવ જેમ્સ મેટિસ સાથે મુલાકાત કરી હતી. આજે અહીં તેમણે શ્રીમરમ્મન મંદિરમાં દર્શન કર્યા પછી ચૂલિયા મસ્જિદની મુલાકાત લીધી હતી. આ સિવાય મોદી આજે ઇન્ડિયન હેરિટેજ સેન્ટર અને સિંગાપોર નેવીબેઝની પણ મુલાકાત લીધી હતી. મેટિસ સાથે મુલાકાત કર્યા પહેલા પીએમ મોદી સિંગાપોરના પૂર્વ વડાપ્રધાન ગોહ ચોક તોંગને પણ મળ્યા હતા. ભારતીય અને સિંગાપોરની નૌસેનાની પણ મુલાકાત કરશે.
– તાજેતરમાં જ અમેરિકી રક્ષા વિભાગે તેમની પ્રશાંત કમાન્ડનું નામ બદલીને હિંદ પ્રશાંત કમાન્ડ કરી દીધું છે. માનવામાં આવે છે, અમેરિકાએ ભારતને મહત્વ આપવા માટે આવું કર્યું છે. મેટિસ પણ ભારતના સમર્થનમાં હોવાનું માનવમાં આવે છે.
– પીએમ મોદી અને ગોહ ચોક તોંગ સિંગાપોરના ક્લિફોર્ડ પાયરમાં મહાત્મા ગાંધીજીની તકતીનું અનાવરણ કર્યું હતું.

### (૨) ગ્વાટેમાલામાં ધૂગો જ્વાળામુખી :

– વાઇના બિંગ આઇલેન્ડ પર છેલ્લા ચાર અઠવાડિયાથી સક્રિય થયેલા કિલાઉ જ્વાળામુખીના કારણે બ્લાસ્ટ હજુ પણ યથાવત છે. જ્વાળામુખીના કારણે રાખ અને લાવાના બ્લાસ્ટ થઇ રહ્યા છે. ઓફિસરોનું કહેવું છે કે ૧૯૭૪ બાદ રવિવારે યુગોમાં એટલો જોરદાર બ્લાસ્ટ થયો છે. બચાવ અને રાહત કાર્ય ચાલી રહ્યું

Vivekanand Academy Gandhinagar

છે. પ્રેસિડન્ટ જિમ મોરલેસ હાલ વિદેશ વિભાગ સાથે મીટીંગ કરી રહ્યાં છે. દેશમાં ઇમરજન્સી લાગુ અંગે પણ વિચારવિમર્શ ચાલી રહ્યાં છે.

પ્રશ્નો :

૧ અમેરિકી રક્ષા વિભાગે પ્રશાંત કમાન્ડનું નામ બદલીને કયું નામ રાખ્યું ?
– હિંદ પ્રશાંત કમાન્ડ
૨ અમેરિકી રક્ષા સચિવ જણાવો ?
– જેમ્સ મેટિવ
૩ વ્યાસ ધરાવતું ગોળાકાર સંરચના વાળું પૌરાણિક દિશાસુચક સ્ટ્રક્ચર કયાં સ્થળેથી મળી આવ્યું ?
– વડનગર
૪ ઓપરેશન બ્લુ સ્ટારની શરૂઆત ક્યારે થઇ હતી ?
– ૩ જૂન ૧૯૮૪

## 4.June 2018

### (૧) રાશિદ ખાન :

– રાશિદ ખાન ટી–૨૦ માં સૌથી ઝડપી ૫૦ વિકેટ ઝડપનાર વિશ્વનો ત્રીજો બોલર બની ગયો.
– રાશિદે પોતાની ૩૧ મી મેચમાં આ સિદ્ધિ મેળવી હતી.
– રાશિદ પહેલા દક્ષિણ આફ્રિકાના સ્પિનર ઇમરાન તાહિરે ૩૧ મેચમાં ૫૦ વિકેટ ઝડપી હતી.
– ટી–૨૦ માં સૌથી ઓછી મેચમાં ૫૦ વિકેટ ઝડપવાનો રેકોર્ડ શ્રીલંકાના અજંથા મેન્ડિસના નામે છે. મેન્ડિસે માત્ર ૨૬ મેચમાં ૫૦ વિકેટ ઝડપી છે.

### (૨) દિશાસૂચક યંત્ર :

– વ્યાસ ધરાવતું ગોળાકાર સંરચના વાળું પૌરાણિક દિશાસૂચક સ્ટ્રક્ટર મળી આવ્યું.
– આવું સ્ટ્રક્ટર સમગ્ર દેશમાં સૌપ્રથમ વાર વડનગરમાંથી મળી આવ્યું છે.
– આ સ્ટ્રક્ટર કઇ સદીનું છે તેની હજુ પુરાતત્વ વિભાગ દ્વારા પુષ્ટી નથી કરાઇ.
– પ્રોટોનગરી લીપીમાં આ યંત્ર પર દિશાઓ લખી હોવાનું મનાય છે.
– ૨૦૦૦ વર્ષ જૂની નગરી શોધવા વડનગરમાં ચાલતા ઉત્પન્નમાં અત્યાર સુધીમાં પ્રાચીન સ્થાપત્યો, જુના અવશેષો, બૌદ્ધસ્તુપો, માટીનાં જૂના વાસણો વગેરે મળી આવ્યા છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં ચીને કયાં સેટેલાઇટનું પરીક્ષણ કર્યું ?
– અર્થ ઓઝર્વેશન
૨ અર્થ ઓઝર્વેશન સેટેલાઇટ કયાં ક્ષેત્ર માટે ઉપયોગી છે ?
– કૃષિ
૩ કયા અભિનેતાને કેન્દ્રિય ઓડિટ સલાહકાર બોર્ડના સભ્ય બનાવાયા ?
– અનુપમ ખેર
૪ રાશિદ ખાનનું કાર્યક્ષેત્ર જણાવો ?
– ક્રિકેટ
૫ ટી–૨૦ માં સૌથી ઓછી મેચમાં ૫૦ વિકેટ ઝડપવાનો રેકોર્ડ કોના નામે છે ?
– અજંથા મેન્ડિસ

## 5.June 2018

### (૧) વિશ્વ પર્યાવરણ દિવસ :

– દર વર્ષે ૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ મનાવાય છે.
– આ વર્ષની થીમ : બીટ પ્લાસ્ટિક પોલ્યુશન
– ગુજરાતમાં વિશ્વ પર્યાવરણ દિવસથી એક સપ્તાહ સુધી રાજ્ય વ્યાપી પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન યોજાશે.
– રાજ્યના તમામક મહાનગરો, નગરપાલિકાઓ, તાલુકા મથકો તેમજ ૧૦૦ મોટા ગામોમાં પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન સપ્તાહ યોજાશે.
– કેન્દ્ર સરકારના સ્વચ્છ ભારત અભિયાનના પગલે યુનાઇટેડ નેશન્શે ભારતને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનું યજમાન પદ સોંપ્યું.

### (૨) NTPC એ ચારમીનારને દત્તક લીધું :

– ૧ જૂન –૨૦૧૮ થી NTPC એ સ્વચ્છ આઇકોનિક પ્લેસ પ્રોજેક્ટ અંતર્ગત હૈદરાબાદના ચારમીનારને દત્તક લીધું.
– આ પ્રોજેક્ટ કેન્દ્રના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વર્ષ –૨૦૧૬માં શરૂ કરવામાં આવ્યો હતો.
– જેમાં પ્રાઇવેટ સેક્ટર દ્વારા આઇકોનીક પ્લેસને ૫ વર્ષ માટે દત્તક લઇ વિકસાવવામાં આવે છે.
– ચારમીનારના વિકાસમાં યાત્રીઓ માટે બેટરી સંચાલીત વાહન, સાર્વજનીક શૌચાલયનું નિર્માણ, પેયજળ, એટીએમ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાશે.
– NTPC ભારતની સૌથી મોટી વિદ્યુત ઉત્પાદક કંપની છે.
– NTPC નુ પુરૂનામ : નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન
– જેની સ્થાપના વર્ષ ૧૯૭૫માં થઇ હતી.
– વડુ મથક – નવી દિલ્હી

### (૨) ગુજરાતમાં શીશુઓ માટે એમ્બ્યુલન્સ સેવા શરૂ કરાઇ

– ગુજરાત સરકારે શીશુઓ માટે એમ્બ્યુલન્સ સેવા શરૂ કરી.
– આ સેવાનો ઉદ્દેશ નવજાત શીશુનો મૃત્યુઆંક ઘટાડવાનો છે.
– આ સેવા જામનગર સિવિલ હોસ્પિટલથી પાયલોટ પ્રોજેક્ટના રૂપમાં શરૂ કરવામાં આવી.
– આ સેવા ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સાથે કાર્ય કરશે.

પ્રશ્નો :

૧ ૫ જૂનના રોજ કયાં દિવસ ઉજવાય છે ?
– વિશ્વ પર્યાવરણ દિવસ
૨ વિશ્વ પર્યાવરણ દિવસ–૨૦૧૮ની થીમ જણાવો ?
– બીટ પ્લાસ્ટિક પોલ્યુશન
૩ યુનાઇટેડ નેશન્સે કયાં દેશને પર્યાવરણ દિવસની ઉજવણીનું યજમાન પદ સોંપ્યું ?
– ભારત
૪ NTPC એ સ્વાચ્છ ઓઇકોનિક પ્લેસ પ્રોજેક્ટ અંતર્ગત કયા સ્થળને દત્તક લીધું ?
– હૈદરાબાદ ના ચારમીનાર
૫ ભારતની સૌથી મોટી વિદ્યુત ઉત્પાદક કંપની જણાવો ?
– NTPC
૬ NTPC ની સ્થાપના કયારે થઇ ?
– ૧૯૭૫મા

## 6.June 2018

### (૧) સુનીલ છેત્રી : ફુટબોલ :

Vivekanand Academy Gandhinagar

- ભારતીય ફુટબોલ ટીમના કેપ્ટન સુનીલ છેત્રીએ ૧૦૦ આંતરરાષ્ટ્રીય મેચ રમવાની સિધ્ધી નોંધાવી.
- આ સિધ્ધિ તેણે મુંબઇના ફુટબોલ સ્ટેડિયમમાં કેન્યા વિરૂદ્ધ રમતા નોંધાવી હતી.
- આ મેચમાં ભારતે કેન્યાને ૩-૦ થી પરાજય આપ્યો હતો. જેમાં સુનીલ છેત્રીના બે ગોલ હતા.
- આ સાથે તેણે પોતાની કારકીર્દિના ૬૧ ગોલ પુરા કર્યા.
- તે હવે સૌથી વધુ ગોલ કરનારા એક્ટિવ ખેલાડીઓમાં ત્રીજા સ્થાને છે.
- પ્રથમ ક્રમે રોનાલ્ડો (૮૪ ગોલ) તથા બીજા ક્રમે મેસ્સી (૬૪ ગોલ) છે.

**(૨) પ્રિયાંક પંચાલ : ક્રિકેટ:**

- ગુજરાતના ક્રિકેટર પ્રિયાંક પંચાલને માધવરાય સિંધિયા એવોર્ડથી સન્માનીત કરવામાં આવશે.
- વર્ષ ૨૦૧૬-૧૭ની સીઝનમાં શાનદાર પ્રદર્શન કરવા બદલ BCCI દ્વારા પ્રિયાંકની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.
- પ્રિયાંકે ૨૦૧૬-૧૭ની રણજી ટ્રોફીમાં ૧૩૧૦ રન બનાવ્યા હતા.
- પ્રિયાંકને એવોર્ડ રૂપે ૨.૫ લાખ રૂપિયા અને ટ્રોફી મળશે.

**(૩) મહેશકુમાર જૈન :**

- આઇસીબીઆઇ બેંકના પૂર્વ પ્રબંધ નિર્દેશક મહેશકુમાર જૈન ને ભારતીય રીઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર પદે નિયુક્ત કરાયા.
- તેઓનો કાર્યકાળ ૩ વર્ષનો રહેશે.
- ૩૧ જુલાઇ-૨૦૧૭ થી એસ.એસ. મુંદ્રા નિવૃત્ત થયા ત્યારથી આ પદ ખાલી હતું.

**(૪) નાણાકીય સાક્ષરતા સપ્તાહ –RBI :**

- ભારતીય રીઝર્વ બેંક દ્વારા ૪ જૂનથી ૮ જૂન –૨૦૧૮ દરમિયાન નાણાકીય સાક્ષરતા સપ્તાહ ઉજવવામાં આવશે.
- આ સપ્તાની થીમ : ગ્રાહકનું રક્ષણ
- આ સપ્તાહ દરમિયાન અભિયાન ચલાવીને ગ્રાહકોને વિવિધ વિષયોની જાણકારી આપવામાં આવશે. જેમાં ડિજિટલ લેવડ- દેવડ, બેંકિંગ સંબંધી પ્રશ્નો તથા ઠગ વ્યક્તિઓ દ્વારા આવતા ફોન – કોલ્સની માહિતી આપવામાં આવશે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં કયા ભારતીય ફૂટબોલરે ૧૦૦ આંતરરાષ્ટ્રીય મેચ રમવાની સિધ્ધી નોંધાવી ?
- સુનીલ છેત્રી

૨ તાજેતરમાં કયા ક્રિકેટરને માધવરાય સિંધિયા એવોર્ડથી સનમાનીત કરાયા ?
- પ્રિયાંક પંચાલ

૩ પ્રિયાંક પંચાલ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- ક્રિકેટ

૪ તાજેતરમાં ભારતીય રીઝર્વ બેંકના નવા ડેપ્યુટી ગર્વનર પદે કોની નિયુક્તી થઈ ?
- મહેશકુમાર જૈન

૫ ભારતીય રીઝર્વ બેંક દ્વારા ૨૦૧૮માં નાણાંકીય સાક્ષરતા સપ્તાહ ક્યારે ઉજવવામાં આવ્યું ?
- ૪ જુન થી ૮ જુન – ૨૦૧૮

૬ નાણાંકીય સાક્ષરતા સપ્તાહ – ૨૦૧૮ની થીમ જણાવો ?
- ગ્રાહકનું રક્ષણ

## 7.June 2018

**(૧) હાઇએસ્ટ પેઇડ એથ્લિટ્સ – ફોર્બ્સ :**

- તાજેતરમાં પ્રખ્યાત મેગેઝીન ફોર્બ્સ દ્વારા સૌથી વધુ કમાણી કરતાં ટોપ-૧૦૦ એથ્લીટની યાદી બહાર પાડવામાં આવી.
- આ યાદીમાં ભારતીય ક્રિકેટ ટીમ કેપ્ટન વિરાટ કોહલી ૮૩માં સ્થાને છે. જે એક માત્ર ભારતીય છે.
- આ યાદીમાં દુનિયાની એકપણ મહિલા એથ્લીટને સ્થાન મળ્યું નથી.
- અમેરિકન બોક્સર ફ્લાઇડ મેવેદર પ્રથમ સ્થાને છે. જ્યારે ફુટબોલર મેસ્સી અને રોનાલ્ડો અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાન પર છે.

**(૨) પર્યાવરણ પ્રદર્શન સુચકઆંક :**

- વિશ્વ આર્થિક મંચ દ્વારા દર વર્ષે પર્યાવરણ પ્રદર્શન સુચકઆંક બહાર પાડવામાં આવે છે.
- ૧૮૦ દેશોની આ યાદીમાં ભારતને ૧૭૭ મું સ્થાન મળ્યું છે.
- વર્ષ ૨૦૧૬માં ભારતને ૧૪૧મું સ્થાન મળ્યું હતું.
- પર્યાવરણ પ્રદર્શન મામલે સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ સ્થાને છે. જ્યારે ફ્રાંસ અને ડેન્માર્ક અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાન પર છે.

**(૩) RBIએ રેપોરેટ તથા રિવર્સ રેપોરેટમાં વધારો કર્યો**

- તાજેતરમાં RBIએ રેપોરેટ ૦.૨૫ ટકા વધારી ૬.૨૫ ટકા કર્યો. તથા રિવર્સ રેપોરેટ પણ ૦.૨૫ ટકા વધારી ૬.૫૦ ટકા કર્યા.
- આ ઉપરાંત RBIએ વર્ષ ૨૦૧૮-૧૯નો જીડીપી ૭.૪ ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે.

**(૪) ગાંધીજીના સત્યાગ્રહની શરૂઆતના ૧૨૫ વર્ષ પુર્ણ :**

- ૭ જૂન ૧૮૯૩ના રોજ દક્ષિણ આફ્રિકાના પીટ્સમેરીસબર્ગ સ્ટેશને ગાંધીજીને ફર્સ્ટક્લાસ ડબામાંથી ઉતારી મુકાયા હતા.
- આ દિવસથી ગાંધીજીના સત્યાગ્રહની શરૂઆત થઇ હતી.
- તે ઘટનાને આજે ૧૨૫ વર્ષ પૂર્ણ થયા છે.
- તેની ઉજવણીના ભાગરૂપે દક્ષિણ આફ્રિકામાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.
- ગાંધીજીને જે ટ્રેનમાંથી ઉતારી દેવાયા હતા તેને સુતરની આટી તથા ફુલોથી શણગારવામાં આવી તથા સ્ટેશનને તિરંગાના રંગોની રોશનીથી સજાવાયું.

પ્રશ્નો :

૧ ટોપ-૧૦૦ હાઇએસ્ટ પેઇડ એથ્લિટ્સની યાદીમાં એકમાત્ર ભારતીય જણાવો ?
- ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન (વિરાટ કોહલી)

૨ ફ્લાઇડ મેવેદરનું કાર્યક્ષેત્ર જણાવો ?
- બોક્સર

૩ લિયોનેલ મેસ્સીનું કાર્યક્ષેત્ર જણાવો ?
- ફુટબોલર

૪ પર્યાવરણ પ્રદર્શન સુચનઆંક કોના દ્વારા બહાર પાડવામાં આવે છે ?
- વિશ્વ આર્થિક મંચ

૫ પર્યાવરણ પ્રદર્શન સુચકઆંક – ૨૦૧૮ માં ભારતનું સ્થાન જણાવો ?

Vivekanand Academy Gandhinagar

- ૧૭૭

૬ ભારતનો હાલમાં રેપોરેટ જણાવો ?

- ૬.૨૫%

૭ ગાંધીજીના સત્યાગ્રહની શરૂઆતના કેટલા વર્ષ પુર્ણ થયા ?

- ૧૨૫ વર્ષ

## 8.June 2018

**(૧) વિરાટ કોહલીને પોલીઉમરીગર એવોર્ડથી નવાજવામાં આવશે :**

- BCCI એ વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ એમ બે સિઝનના એવોડ્ર્સની જાહેરાત કરી.
- ભારતીય સુકાની વિરાટ કોહલી સતત બે સીઝન માટે બેસ્ટ ઇન્ટરનેશનલ ક્રિકેટર તરીકે પસંદ થયો છે.
- તેને બેસ્ટ ઇન્ટરનેશનલ ક્રિકેટરનો પોલી ઉમરીગર એવોર્ડ એનાયત થશે.
- તે સૌથી વધારે પાંચ વખત આ એવોર્ડ મેળવનાર ખેલાડી બની ગયો છે.
- BCCI પ્રથમ વખત મહિલા વર્ગમાં પણ બેસ્ટ ઇન્ટરનેશનલ ક્રિકેટરનો એવોર્ડ આપશે.
- સુકાની હરમનપ્રીત કૌરને ૨૦૧૬–૧૭ અને સ્મૃતિ મંધાનાને ૨૦૧૭–૧૮ માટે આ એવોર્ડ મળશે.

**(૨) મિતાલી રાજ – ક્રિકેટર :**

- ભારતની પૂર્વ મહિલા સુકાની મિતાલી રાજના આંતરરાષ્ટ્રીય ટી–૨૦ ક્રિકેટમાં ૨૦૦૦ રન પુરા થયા.
- આ સિધ્ધિ મેળવનાર તે ભારતની પ્રથમ ક્રિકેટર બની.
- તેણે મહિલા એશિયા કપ ટી–૨૦ ટૂર્નામેન્ટમાં શ્રીલંકા સામેની મેચમાં આ સિધ્ધી મેળવી હતી.

**(૩) વર્લ્ડ ઓશન ડે :**

- વર્ષ ૧૯૯૨ થી દર વર્ષે ૮ મી જૂને સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વિશ્વ સમુદ્ર દિવસ ઉજવવામાં આવે છે.

**(૪) અનુપમ ખેર –અભિનેતા :**

- અભિનેતા અનુપમ ખેરને ભારતીય સીમાનામાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ આઇફા એવોર્ડ્સમાં લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનીત કરાશે.
- ૧૯ મો આંતરરાષ્ટ્રીય આઇફા પુરસ્કાર સમારોહ બેંગકોકમાં યોજાશે.
- તેણે પોતાની કારકીર્દિની શરૂઆત ૧૯૮૪ થી ફિલ્મ સારાંશથી કરી હતી.
- તેમને સીનેમા તથા કલાના ક્ષેત્રમાં યોગદાન આપવા બદલ ૨૦૦૪માં પદ્મશ્રી અને ૨૦૧૬માં પદ્મભૂષણ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં કયા ખેલાડીને પોલી ઉમરીગર એવોર્ડથી સન્માનિત કરાયા ?

- વિરાટ કોહલી

૨ વિરાટ કોહલીને કેટલી વખત પોલી ઉમરીગર એવોર્ડ એનાયત થયો ?

- ૫ વખત

૩ સ્મૃતિ મંદાનાનું કાર્યક્ષેત્ર જણાવો ?

- ક્રિકેટ

૪ આંતરરાષ્ટ્રીય ટી–૨૦ માં ૨૦૦૦ રન પુરા કરનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી જણાવો ?

- મિતાલી રાજ

૫ ૮ જુનના રોજ કયો દિવસ ઉજવાય છે ?

- વિશ્વ સમુદ્ર દિવસ (વર્લ્ડ ઓશન ડે)

૬ વર્લ્ડ ઓશન ડે ક્યારથી ઉજવવામાં આવે છે ?

- ૧૯૯૨

૭ ૧૯ મો આંતરરાષ્ટ્રીય આઇફા પુરસ્કાર સમારોહ કયાં યોજાશે ?

- બેંગકોક

૮ અનુપમ ખેરને પદ્મભુષણ એવોર્ડથી ક્યારે સન્માનિત કરાયા હતા ?

- ૨૦૧૬

## 9.June 2018

**(૧) ન્યુઝિલેન્ડ મહિલા ક્રિકેટ ટીમે ૪૯૦ રના બનાવ્યા :**

- તાજેતરમાં આયર્લેન્ડ વિરૂદ્ધ વન–ડે મેચમાં ન્યૂઝિલેન્ડે ૪૯૦ રન બનાવી વર્લ્ડ રેકોર્ડ કર્યો.
- ન્યુઝિલેન્ડની ઓપનર ખેલાડી સુઝિ બેટ્સે માત્ર ૯૪ બોલમાં ૧૫૧ રન ફટકાર્યા હતા.
- આ પહેલા પણ આ રેકોર્ડ ન્યૂઝિલેન્ડના નામે જ હતો. પાકિસ્તાન વિરૂદ્ધ ન્યૂઝિલેન્ડ મહિલા ટીમે ૪૫૫ રન બનાવ્યા હતા.

**(૨) વૈશ્વિક શાંતી સુચકઆંક–૨૦૧૭ :**

- તાજેતરમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇકોનોમિક્સ એન્ડ પીસ દ્વારા વૈશ્વિક શાંતી સુચકાંક–૨૦૧૭ની યાદી બહાર પાડવામાં આવી.
- આ વર્ષની યાદીમાં ભારત ચાર ક્રમના સુધારા સાથે ૧૩૭માં ક્રમ પર છે.
- આ યાદીમાં આઇસલેન્ડ વિશ્વનો સૌથી શાંતિપૂર્ણ દેશ છે.
- આઇસલેન્ડ બાદ ન્યુઝિલેન્ડ ઓસ્ટ્રીયા, પોર્ટુગલ અને ડેન્માર્ક સૌથી શાંતિપૂર્ણ દેશ છે.
- સિરિયા સૌથી ઓછી શાંતિ વાળો દેશ છે.

**(૩) અનાનસ ત્રિપુરાનું રાજકીય ફળ :**

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અનાનસને ત્રિપુરાનું રાજકીય ફળ જાહેર કર્યુ.
- હવે અનાનસ ત્રિપુરાની ઓળખ બનશે.
- આ પ્રસંગે ત્રિપુરાના મુખ્યમંત્રી બિપલ્બકુમાર દેવ પણ ઉપસ્થિત રહ્યા હતા.

**(૩) દેશનું પહેલું ટ્રીઝ મ્યુઝિયમ :**

- દેશમા પ્રથમ વખત લેન્ડફીલ સાઇટને ટ્રી મ્યુઝીયમમાં રૂપાંતરીત કરવામાં આવ્યું.
- વડોદરામાં વડસર જીઆઇડીસી પર આવેલા ઓપન ડમ્પીંગ લેન્ડ સાઇટમાં સતત ૨૩ વર્ષ સુધી ૫ લાખ ટન કચરો ઠલવાયો હતો.
- આ ૫૦ હજાર ચોરસ મીટર જમીનમાં ૧૦૦ પ્રજાતિના ૧૨૬૬૩ છોડનું પ્લાન્ટેશન કરી દેશનું પ્રથમ ટ્રી મ્યુઝિયમ બનાવવામાં આવ્યું.
- ૨ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજથી પ્લાન્ટેસનનો પ્રારંભ કરી મ્યુઝિયમ ઓફ ટ્રીઝની દિશા ખોલવામાં આવી હતી.

પ્રશ્નો :

૧ ન્યુઝીલેન્ડ મહિલા ક્રિકેટ ટીમના વન–ડેમાં હાઇએસ્ટ રનનો રેકોર્ડ કઇ ટીમ સામે નોંધાવ્યો ?

- આયર્લેન્ડ

૨ વૈશ્વિક શાંતિ સુચકઆંક–૨૦૧૭ માં ભારતનો ક્રમ જણાવો ?

- ૧૩૭

૩ વૈશ્વિક શાંતિ સુચકઆંક –૨૦૧૭ ની યાદીમાં વિશ્વનો સૌથી શાંતિપૂર્ણ દેશ જણાવો ?
– આઇસલેન્ડ
૪ તાજેતરમાં ત્રિપુરાએ કયા ફળને રાજકીય ફળ તરીકે જાહેરાત કરી ?
– અનાનસ
૫ ત્રિપુરાના મુખ્યમંત્રીનું નામ જણાવો ?
– બિપલ્બકુમાર દેવ
૬ દેશનું પહેલું ટ્રીઝ મ્યુઝિયમ કયાં બનાવવામાં આવ્યું ?
– વડોદરામાં વડસર જીઆઇડીસી પર

## 10.June 2018

**(૧) ધનુષ તોપ– સફળ પરિક્ષણ :**
– રાજસ્થાનના પોખરણ ખાતે લાંબા અંતરની મારક ક્ષમતા ધરાવતી ધનુષ તોપનું સફળ પરિક્ષણ થયું.
– હવે ધનુષતોપને ભારતીય સેનામાં સામેલ કરવામાં આવશે.
– તેને દેશી બોફોર્સ પણ કહેવામાં આવે છે.

**(૨) SCO શિખર સંમેલન – ચીન :**
– ચીનના કિંગ્દાઓ ખાતે ૧૮ મી શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન સમિટ યોજાઇ.
– આ સમિટમાં ભાગ લેવા ભારત તરફથી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી.
– બે દિવસીય સમીટમાં મહત્વના કરાર પર હસ્તાક્ષર થયા હતા.
– વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ SCO દુનિયાનું સૌથી મોટું સંગઠન છે.
– યુરોપ એશિયાનો ૬૦ ટકા વિસ્તાર અને દુનિયાની અડધી વસતિ આ સંગઠન દેશો ધરાવે છે.
– SCO ના સભ્ય દેશ :
ચીન, કઝાકિસ્તાન, રશિયા, કિર્ગિસ્તાન, તઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, ભારત અને પાકિસ્તાન, ભારત અને પાકિસ્તાન જૂન – ૨૦૧૭માં પૂર્ણ સભ્ય બન્યા હતા.
– સ્થાપના – ૨૦૦૧
– મુખ્યાલય – બેઇઝીંગ
– મહાસચિવ – રાશિદ અલિમોવ

**(૩) યુએન સુરક્ષા પરિષદમાં પાંચ નવા સભ્ય ચૂંટાયા :**
– સંયુક્તરાષ્ટ્ર મહાસભાએ સુરક્ષા પરિષદમાં પાંચ નવા સભ્ય દેશોની નિમણૂંક કરી.
– બેલ્જિયમ, ડોમિનિકન રિપબ્લિક, જર્મની, ઇંડોનેશિયા, દક્ષિણ આફ્રિકા
– આ તમામ દેશ ૨ વર્ષના કાર્યકાળ માટે ચૂંટાયા છે.

પ્રશ્નો :
૧ લાંબા અંતરની મારક ક્ષમતા ધરાવતી ધનુષ તોપનું સફળ પરિક્ષણ ક્યાંથી કરાયું ?
– રાજસ્થાનના પોખરણ ખાતે
૨ ધનુષ તોપ ને કયા નામથી ઓળખવામાં આવે છે ?
– દેશી બોફોર્સ
૩ તાજેતરમાં ૧૮ મી શાંઘાઇ કો ઓપરેશન ઓર્ગેનાઇઝેશન સમિટ ક્યાં યોજાઇ ?
– ચીનના કિંગ્દાઓ ખાતે
૪ SCO શિખર સંમેલનમાં ભારત તરફથી કોણે હાજરી આપી હતી ?
– નરેન્દ્ર મોદીએ
૫ તાજેતરમાં યુએન સુરક્ષા પરિષદમાં કેટલા નવા સભ્ય દેશ ચુંટાયા ?
– પાંચ

## 11.June 2018

**(૧) ફ્રેન્ચ ઓપન – ટેનિસ :**
– મહિલા સિંગલ વિજેતા– સિમોના હાલેપ, રોમાનીયા
રનર અપ– સ્લોન સ્ટીફંસ, અમેરિકા
– આ સાથે પ્રથમ ક્રમાંકિત હાલેપે પ્રથમ વખત ગ્રાન્ડસ્લેમ ટાઇટલ જીત્યું.
– પુરૂષ સિંગલ વિજેતા – રાફેલ નડાલ, સ્પેન
રનર અપ ડોમિનિક થીમ – ઓસ્ટ્રીયા
– આ સાથે તેમણે ૧૧ મું ફ્રેંન્ચ ઓપન ટાઇટલ જીત્યું. તથા કારકીર્દિનું ૧૭ મું ટાઇટલ જીત્યું.
– ૪ ગ્રાન્ડસ્લેમ વર્ષ દરમિયાન યોજાય છે.
(૧) ઓસ્ટ્રેલિયન ઓપન (હાર્ડ કોર્ટ પર રમાય છે)
(૨) યુએસ ઓપન (હાર્ડ કોર્ટ પર રમાય છે)
(૩) ફ્રેન્ચ ઓપન (લાલ માટી પર રમાય છે.)
(૪) વિમ્બલ્ડન ઓપન (ઘાસ પર)

**(૨) રાષ્ટ્રીય પોલીસ સંગ્રહાલય :**
– દિલ્હીમાં દેશનું પ્રથમ રાષ્ટ્રીય પોલીસ સંગ્રહાલય બનશે.
– આ સંગ્રહાલયમાં કેન્દ્રિય અને રાજ્ય પોલીસનો ઇતિહાસ તેમજ તેમના સાથે જોડાયેલ કલાકૃતિ, વર્દી, તથા અન્ય સામગ્રી પ્રદર્શિત કરાશે.

**(૩) ટી–૨૦ એશિયા કપ :**
– બાંગ્લાદેશ મહિલા ક્રિકેટ ટીમે પ્રથમ વખત ટી–૨૦ એશિયાકપનું ટાઇટલ પોતાના નામ કર્યુ.
– ફાઇનલમાં બાંગ્લાદેશે ભારતને પરાજય આપ્યો.
– ૧ થી ૧૧ જૂન દરમિયાન મલેશિયામાં ટી–૨૦ એશિયાકપ યોજાયો હતો.
– ૬ વખતનું પૂર્વ ચેમ્પિયન ભારતે આ સિઝનમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

પ્રશ્નો :
૧ ફ્રેન્ચ ઓપન–૨૦૧૮ ના મહિલા સિંગલ વિજેતા જણાવો ?
– સિમોના હાલેપ
૨ ફ્રેન્ચ ઓપન – ૨૦૧૮ના પુરૂષ સિંગલ વિજેતા જણાવો ?
– રાફેલ નડાલ
૩ દેશનું પ્રથમ રાષ્ટ્રીય પોલીસ સંગ્રહાલય કયાં બનાવવામાં આવશે ?
– દિલ્હી
૪ ટી–૨૦ એશિયાકપ મહિલા ટીમ –૨૦૧૮ના વિજેતા જણાવો ?
– બાંગ્લાદેશ
૫ ભારતીય મહિલા ટીમે કેટલી વખત ટી–૨૦ એશિયાકપ જીત્યો છે.
– ૬ વખત

## 12.June 2018

**(૧) અરવિંદ સક્સેના :**
– અરવિંદ સક્સેનાને કેન્દ્ર સરકાર દ્વારા યુપીએસસીના કાર્યકારી અધ્યક્ષ પદે નિમણૂંક કરાઈ.
– તેઓ ૧૯૭૮ બેચના ભારતીય ડાક સેવા અધિકારી છે.
– તેઓ વિનય મિતલનું સ્થાન લેશે.

Vivekanand Academy Gandhinagar

- અરવિંદ સક્સેના યુપીએસીના અધ્યક્ષ પદ પર ૭ ઓગસ્ટ ૨૦૨૦ સુધી રહેશે.

(૨) 'રેલ મદદ' એપ :
- રેલવેમાં યાત્રીઓની તકલીફોના નિવારણની પ્રક્રિયા સુધારવા તેમજ તેજ કરવા 'રેલ મદદ' એપ બનાવવામાં આવી.
- આ એપની મદદથી યાત્રી કમ્પ્લેઇન કરી શકશે તથા તેમની તકલીફ નિવારણની પરિસ્થિતિ પણ જાણી શકશે.
- આ મોબાઇલ એપ્લીકેશન ઉત્તર રેલવે દ્વારા બનાવવામાં આવી છે.
- કેન્દ્રિય રેલ અને કોલસા મંત્રી –પીયુષ ગોયલ

(૩) મોરેશિયસ સિનિયર ઇન્ટરનેશનલ બેડમિન્ટન ટૂર્નામેન્ટ :
- ભારતીય મહિલા જોડી સિમરન સિંધી અને રિતિકા થાકરે શાનદાર પ્રદર્શન કરતા મોરેશિયસ સિનિયર ઇન્ટરનેશનલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો.

(૪) વિશ્વ બાળ મજુરી વિરોધી દિવસ :–

પ્રશ્નો :

૧ તાજેતરમાં UPSC ના કાર્યકારી અધ્યક્ષ પદે કોની નિમણૂંક થઇ ?
- અરવિંદ સક્સેના

૨ 'રેલવે મદદ' એપ કોના દ્વારા બનાવવામાં આવી ?
- ઉત્તર રેલવે

૩ કેન્દ્રિય રેલ અને કોલસા મંત્રી જણાવો ?
- પીયુષ ગોયલ

૪ ૧૨ જુનના રોજ કયો દિવસ ઉજવાય છે ?
- વિશ્વ બાળ મજુરી વિરોધી દિવસ

## 13.June 2018

(૧) નેપાળમાં સારી સિંચાઇ વ્યવસ્થા ભાટે ભારત રોકાણ કરશે :
- નેપાળના ૧૨ જિલ્લાઓમાં સારી સિંચાઇ વ્યવસ્થાના નિર્માણ ભાટે ભારત રોકાણ કરશે.
- આ રોકાણ ૯૯ મિલિયન રૂપિયાનું હશે.
- નેપાળ ભારત મૈત્રી સિંચાઇ પરિયોજનાના અંતિમ તબક્કા માટે રોકાણ વધારવામાં આવશે.
- નેપાળ– ભારત મૈત્રી સિંચાઇ પરિયોજનાને હિમાલયી રાષ્ટ્રોના કૃષિ ક્ષેત્રે વૃદ્ધિ માટે શરૂ કરવામાં આવી હતી.
- નેપાળમાં ભારતના રાજદૂત – મનજીવ સિંહ પૂરી
- નેપાળ રાજધાની – કાઠમંડુ
- પ્રધાનમંત્રી – કે.પી. શર્મા ઓલી

(૨) ૧૧ માં વિશ્વ હિંદી સંમેલનની યજમાની મોરિશસ કરશે :
- ૧૧ માં વિશ્વ હિંદી સંમેલનનું આયોજન વિદેશ મંત્રાલય દ્વારા મોરેશસ સરકારના સહયોગથી કરવામાં આવશે.
- ૧૮ ઓગસ્ટ થી ૨૦ ઓગસ્ટ ૨૦૧૮ સુધી મોરિશસમાં યોજવામાં આવશે.
- આ સંમેલનનું આયોજન સ્વામી વિવેકાનંદ આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્ર પાઇલ્સ, મોરિશસ ખાતે થશે.
- પ્રથમ વિશ્વ હિંદી સંમેલનનું આયોજન વર્ષ ૧૯૭૫માં ભારતના નાગપુર ખાતે કરવામાં આવ્યું હતું.
- વિશ્વના અલગ અલગ ભાગમાં દસ સંમેલનનું આયોજન થયું છે.
- ૧૦માં વિશ્વ હિંદી સંમેલન ૧૦–૧૨ સપ્ટેમ્બર ૨૦૧૫ દરમ્યાન મધ્યપ્રદેશના ભોપાલ ખાતે થયું હતું.
- મોરિશિસ રાજધાની – પોર્ટ લુઇ
- પ્રધાનમંત્રી – પ્રવીણ જગનાથ

પ્રશ્નો :

૧ તાજેતરમાં ભારત કયા દેશમાં સારી સિંચાઇ વ્યવસ્થા માટે રોકાણ કરશે ?
- નેપાળ

૨ નેપાળમાં ભારતના રાજદુતનું નામ જણાવો ?
- મનજીવ સિંહપુરી

૩ નેપાળની રાજધાનીનું નામ જણાવો ?
- કાઠમંડુ

૪ ૧૧ માં વિશ્વ હિંદી સંમેલનની યજમાની કોણ કરશે ?
- મોરિશસ

૫ પ્રથમ વિશ્વ હિંદી સંમેલનનું આયોજન ક્યારે અને કયાં કરવામાં આવ્યું હતું ?
- ૧૯૭૫માં નાગપુર ખાતે

૬ મોરિશસ ની રાજધાની જણાવો ?
- પોર્ટ લુઇ

## 14.June 2018

(૧) પૂર્વોત્તર ક્ષેત્ર પરિષદના અધ્યક્ષ ગૃહમંત્રી હશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળએ પૂર્વોત્તર પરિષદના પુનર્ગઠન માટે મંજૂરી આપી.
- કેન્દ્રીય મંત્રીમંડળએ પૂર્વોત્તર પરિષદના પુનર્ગઠનમાં કેન્દ્રિય ગૃહ મંત્રીને હોદ્દાની રૂએ સંસ્થાના અધ્યક્ષ બનાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી.
- પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ રાજ્યમંત્રી આ પરિષદના ઉપાધ્યક્ષ રહેશે.
- આ સંસ્થામાં બધા આઠ પૂર્વોત્તર રાજ્યોના રાજ્યપાલ અને મુખ્યમંત્રી સભ્યો હશે.
- આ સંસ્થામાં મેઘાલય, અરૂણાચલપ્રદેશ, આસામ, મણિપુર, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરાનો સમાવેશ થાય છે.
- પૂર્વોત્તર પરિષદની સ્થાપના પૂર્વોત્તર પરિષદ અધિનિયમ ૧૯૭૧ મુજબ કરવામાં આવી હતી.
- મુખ્યમથક : શિલોંગ, મેઘાલય

(૨) સ્કૂલમાં મોબાઇલના ઉપયોગ પર પ્રતિબંધ–ફ્રાંસ :
- ફ્રાંસએ મોબાઇલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો
- ફ્રાંસ મોબાઇલ પર પ્રતિબંધ મૂકનારો પ્રથમ દેશ બન્યો.
- ફ્રાંસ રાજધાની – પેરિસ
- પ્રધાનમંત્રી – એમનુઅલ મેક્રોન

પ્રશ્નો :

૧ હોદ્દાની રૂએ પુર્વોત્તર ક્ષેત્ર પરિષદના અધ્યક્ષ પદે કોણ રહેશે ?
- ગૃહમંત્રી

૨ પુર્વોત્તર પરિષદનું મુખ્યમથક કયાં આવેલું છે ?
- શિલોંગ, મેઘાલય

૩ પુર્વોત્તર પરિષદની સ્થાપના કયા અધિનિયમ અંતર્ગત કરવામાં આવી ?
- પુર્વોત્તર પરિષદ અધિનિયમ – ૧૯૭૧

૪ તાજેતરમાં ક્યા દેશે સ્કુલમાં મોબાઇલ ઉપયોગ પર પ્રતિબંધ મુક્યો ?
– ફ્રાંસ
૫ ફ્રાંસના વડાપ્રધાનનું નામ જણાવો ?
– એમ્યુનલ મેક્રોન

## 15.June 2018

**(૧) ૨૧ માં ફિફા વર્લ્ડ કપનો પ્રારંભ**

- રશિયાના સૌથી મોટા લુઝનિકી સ્ટેડિયમમાં ઓપનિંગ સેરેમની સાથે જ ફિફા વર્લ્ડ કપ ૨૦૧૮ શરૂ થયો.
- બ્રાઝિલના ભૂતપૂર્વ કેપ્ટન રોનાલ્ડોએ મેદાન પર એક બાળક સાથે પ્રવેશ કરીને સમારોહનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- ૩૨ યુગલે વર્લ્ડ કપમાં ભાગ લઇ રહેલા ૩૨ દેશના ડ્રેસમાં તેમના ઝંડા સાથે માર્ચ પાસ્ટ કર્યું.
- સેરેમનીમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ફિફા અધ્યક્ષ ગિયાની ઇન્ફેનટિનો અને આર્જેન્ટિનાના ડિએગો મરાડોના હાજર રહ્યા હતા.
- યજમાન રશિયાએ ફિફા વર્લ્ડ કપ –૨૦૧૮ની ગ્રુપ –એની પ્રથમ મેચમાં સાઉદી અરબને ૫–૦ થી હરાવ્યું હતું. આ સાથે જ ૮૮ વર્ષના ઇતિહાસમાં ઉદ્‌ઘાટન મેચમાં યજમાન ટીમનો નહીં હારવાનો રેકોર્ડ યથાવત્ રહ્યો છે.
- સાઉદી અરબીયાની ટીમ ફૂટબોલ વર્લ્ડકપની ઓપનિંગ મેચમાં રમનાર એશિયાની પ્રથમ ટીમ બની.
- ૧૪ જૂન થી ૧૫ જુલાઇ સુધી ચાલનાર આ વર્લ્ડકપમાં ૩૨ ટીમો ભાગ લેશે.
- આ ટુર્નામેન્ટમાં પનામા અને આઇસલેન્ડ પ્રથમ વખત રમશે.
- ખેલાડીઓ ચિપ લાગેલા ફૂટબોલ ટેલસ્ટાર – ૧૮ દ્વારા રમશે, ચિપને સ્માર્ટફોન સાથે જોડી શકાય છે.
- ઓપનિંગ મેચમાં ૧૪ છોકરીઓ 'બોલ ગર્લ' રહેશે, ભારતની રીશી નથાનીયા જોન પણ બોલ કેરિયર હશે.

**વર્લ્ડ કપ મેસ્કોટ : ૨૦૧૮**

- આ વખતના વર્લ્ડકપ માટે મેસ્કોટ તરીકે વરૂને પસંદ કરાયું છે જેને ઝાબીવકા નામ અપાયું છે
- ઓનલાઇન વોટિંગના આધારે બિલાડી, સિંહ અને વરૂમાં લોકોએ મેસ્કોટ તરીકે વરૂની પસંદગી કરી.
- ઝાબીવકાનો રશિયન ભાષામાં મતલબ થાય છે – 'જે સ્કોર કરી શકે'
- મેસ્કોટની શરૂઆત ૧૯૬૬માં ઇંગ્લેન્ડમાં યોજાયેલ વર્લ્ડકપ દ્વારા થઇ હતી તે પછી આ પરંપરા ચાલી આવી છે.

**(૨) VAR અધિકારીઓ પણ રેફરી જેવો જ યુનિફોર્મ પહેરશે.**

- આ વર્લ્ડ કપમાં પ્રથમ વખત VAR એટલે કે વીડિયો આસિસ્ટન્ટ રેફરી પણ છે. જેના માટે ૧૩ અધિકારીની નિમણૂક કરાઇ છે.
- વીએઆર અધિકારી રૂમમાં બેસીને નિર્ણય લેશે, પરંતુ તેમણે મેદાનમાં રહેલા રેફરી જેવો જ યુનિફોર્મ પહેરવાનો રહેશે.
- ચાર વર્ષમાં એક વખત યોજાતા ફિફા વર્લ્ડકપનું આગામી આયોજન વર્ષ ૨૦૨૨માં કતાર ખાતે યોજાશે.
- વર્ષ ૨૦૨૬નો વર્લ્ડ કપ અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં સંયુક્ત પણે રમાશે, ફિફાના ૮૮ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત દેશો સાથે મળીને ફિફા વર્લ્ડ કપનું આયોજન કરશે.
- ૧૯૩૦માં પ્રથમ કપ યોજાયા બાદ ૧૯૪૨ અને ૧૯૪૬ને બાદ કરતા પ્રત્યેક ચાર વર્ષે ચેમ્પિયનશીપ યોજવામાં આવી છે, ઉપરોક્ત બંન્ને વર્ષોમાં બીજા વિશ્વયુધ્ધને કારણે મેચ યોજાઇ નહોતી.
- આઠ અલગ અલગ રાષ્ટ્રોની ટીમોએ ૧૯ વિશ્વ કપ ટુર્નામેન્ટ જીતી છે. બ્રાઝિલે સૌથી વધુ પાંચ વખત જીતી અને પ્રત્યેક ટુર્નામેન્ટમાં રમનારી તે એકમાત્ર ટીમ છે.
- વિશ્વ કપના અન્ય વિજેતાઓમાં ઇટાલી (ચાર ટાઇટલ્સ), જર્મની (ત્રણ ટાઇટલ્સ) આર્જેન્ટિના અને પ્રારંભ વખતે વિજેતા બનેલ ઉરુગ્વે (બંન્નેના બે ટાઇટલ) તથા ઇંગ્લેન્ડ, ફ્રાન્સ અને સ્પેન (દરેકને એક ટાઇટલ) નો સમાવેશ થાય છે.
- વિશ્વમાં જો કોઇ સૌથી વધુ જોવાતી રમત હોય તો તે ફૂટબોલ વિશ્વ કપ છે, જર્મનીમાં ૨૦૦૬માં યોજાયેલ ફીફા (FIFA) વિશ્વ કપની ફાઇનલ મેચને અંદાજે ૭૧૫.૧ મિલિયન લોકોએ નિહાળી હતી.

**(૩) ઇન્ટિગ્રેટેડ વોટર મેનેજમેન્ટ ઇન્ડેક્સ :**

- તાજેતરમાં નીતિ આયોગે સમેકિત જળ ઇન્ટિગ્રેટેડ વોટર મેનેજમેન્ટ ઇન્ડેક્સ રિપોર્ટ બહાર પાડ્યો.
- વોટર મેનેજમેન્ટ અંગે રાજ્યોના આ રેંકિંગમાં ગુજરાત પ્રથમ સ્થાને છે.
- વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના આધારે આ રિપોર્ટ તૈયાર કરાયો છે.
- નીતિપંચે વોટર મેનેજમેન્ટ ક્ષેત્રમાં હરીફાઇ વધારવા માટે રેંકિંગ વ્યવસ્થા શરૂ કરી છે જેમાં ભારતભરમાં ગુજરાત પ્રશંસનીય કાર્ય કરી મોખરે છે.
- આ રેંકિંગ માટે વિવિધ ૨૮ માપદંડ જેવા કે ભૂજળ, જળાશયોની સારસંભાળ, સિંચાઇ, ખેતી, પેયજળ, નીતિ અને તંત્ર સામેલ કરાયા છે.

**ટોપ–૧૦ રાજ્ય**

| | |
|---|---|
| (૧) ગુજરાત | (૨) મધ્યપ્રદેશ |
| (૩) આંધ્રપ્રદેશ | (૪)કર્ણાટક |
| (૫) મહારાષ્ટ્ર | (૬) પંજાબ |
| (૭) તમિલનાડુ | (૮) તેલંગણા |
| (૯) છત્તીસગઢ | (૧૦) રાજસ્થાન |

**ખરાબ ૭ રાજ્ય :**

| | |
|---|---|
| (૧) ઝારખંડ | (૨) હરિયાણા |
| (૩) યુપી | (૪) બિહાર |
| (૫) ઓરિસ્સા | (૬) કેરળ |
| (૭) ગોવા | |

- નીતિ આયોગ મુજબ હાલમાં દેશ ઇતિહાસના સૌથી મોટા જળસંકટનો સામનો કરી રહ્યો છે.
- દેશમાં ૬૦ કરોડ લોકોને પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે તથા ૭૫% વસતિને પીવાના પાણી માટે દૂર – દૂર સુધી જવું પડે છે.
- ગામડાઓમાં ૮૪% વસતિ પાણીના પુરવઠાથી વંચિત છે તથા જેમને પાણી મળી રહ્યું છે તેમાં ૭૦% પ્રદુષિત છે.
- વર્લ્ડ વોટર ક્વોલિટી ઇન્ડેક્સમાં ૧૨૨ દેશોમાં ભારત ૧૨૦માં ક્રમે છે.
- નીતિ આયોગના CEO - અમિતાભ કાંત

- નીતિ આયોગ અધ્યક્ષ – નરેન્દ્ર મોદી (હોદ્દાની રૂએ ભારતના વડાપ્રધાન નીતિ આયોગના અધ્યક્ષ હોય છે.)
- નીતિ આયોગ ઉપાધ્યક્ષ – રાજીવ કુમાર
- નદી વિકાસ, જળ સંશોધન તથા ગંગા સંરક્ષણ મંત્રી– નિતિન ગડકરી

**(૪) દેશના પહેલા ઇન્ટિગ્રેટેડ કમાન્ડ સેન્ટરનો રાયપુરમાં પ્રારંભ**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરૂવારે છત્તીસગઢ પહોંચ્યા. તેઓ બે મહિનામાં બીજી અને ત્રણ વર્ષમાં પાંચમી વખત છત્તીસગઢની મુલાકાતે છે.
- તેમણે પહેલાં રાયપુરમાં ૧૫૫ કરોડના ખર્ચે બનેલા યુનિફાઇડ કમાંન્ડ કંટ્રોલ રૂમનું લોકાર્પણ કર્યું.
- આ દેશનું પહેલું એવું કમાન્ડ સેન્ટર છે કે જ્યાંથી આખા શહેરની દેખરેખ રખાશે. વડાપ્રધાને બાદમાં રાયપુરથી જગદલપુર વચ્ચે હવાઇ સેનાને લીલી ઝંડી આપી.
- ત્યારબાદ તેઓ ભિલાઇ પહોંચ્યા, જ્યાં તેમણે રોડ શો કર્યો. તે પછી ભિલાઇ સ્ટીલ પ્લાન્ટમાં ૧૮ હજાર કરોડના ખર્ચે બનેલું નવું યુનિટ દેશને સમર્પિત કર્યું.
- આ સાથે ૫૫ વર્ષમાં આ પ્લાન્ટમાં પહોંચેલા તેઓ દેશના બીજા પીએમ બન્યા. અગાઉ જવાહરલાલ નહેરૂએ આ પ્લાન્ટની ૩ વખત મુલાકાત લીધી હતી. તેઓ છેલ્લે ૧૯૬૩મા અહીં આવ્યા હતા.
- મોદીએ આઇઆઇટી ભિલાઇની નવી ઇમારતનો ડિજિટીલ રીતે શિલાન્યાસ કર્યો. સંસ્થાનનું પરિસર ૫ સ્ટાર હશે.
- ભારત નેટ પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું. તેનાથી અઢી લાખ લોકોને ઇન્ટરનેટ કનેક્ટિવિટી મળશે.

**(૫) જાણીતા લેખક – કોલમિસ્ટ બકુલભાઇ બક્ષીનું નિધન :**

- 'દિવ્ય ભાસ્કર'ના કોલમિસ્ટ અને જાણીતા લેખક બકુલભાઇ બક્ષીનું ૭૭ વર્ષની વયે હૃદય રોગના હુમલાથી અવસાન થયું છે.
- સાહિત્યકાર ચંદ્રકાંત બક્ષી અને લલિતભાઇ બક્ષીના નાનાભાઇ બકુલભાઇનો જન્મ કોલકાત્તામાં થયો હતો.
- આઇએએસના અભ્યાસ બાદ તેઓએ ઇન્ડિયન રેવન્યુ સર્વિસમાં ફરજ બજાવી હતી.
- દિવ્ય ભાસ્કરની રવિવારની 'રસરંગ' પૂર્તિમાં પ્રસિદ્ધ થતી 'અંજુમન' અને બુધવારની 'કળશ' પૂર્તિમાં પ્રસિદ્ધ થતી 'નવી નજરે' કોલમ વાચકોમાં ખુબ લોકપ્રિય રહી છે. તેમકના ૨૭ થી વધુ પુસ્તકો પ્રગટ થયાં છે., વાર્તા, લેખ, ઇતિહાસ, ગીત– ગઝલ અને શિક્ષણ ઉપર તેમણે સરાહનીય લેખન કાર્ય કર્યું છે.

**(૬) દિવ્યા સૂર્યદેવરા – જનરલ મોટર્સના પ્રથમ મહિલા (CFO)**

- ભારતીય મૂળના અમેરિકી મહિલા દિવ્યા સૂર્યદેવરાની વરણી અમેરિકાની સૌથી મોટી ઓટો કંપની જનરલ મોટર્સના ચીફ ફાઇનાન્સિયલ ઓફિસર પદે થઇ છે.
- હાલમાં તેઓ કોર્પોરેટ ફાઇનાન્સિયલ ઉપપ્રમુખ છે. તેઓ વર્તમાન CFO ચક સ્ટીવન્સનું સ્થાન સંભાળશે.
- દિવ્યા સૂર્યદેવરાનો જન્મ ભારતના ચેન્નાઇ ખાતે થયો હતો.

પ્રશ્નો :

૧ ફિફા વર્લ્ડકપ–૨૦૧૮નું આયોજન ક્યાં થયું હતું ?
- રશિયા

૨ રશિયાના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- વ્લાદિમીર પુતિન

૩ ફિફાના વર્તમાન અધ્યક્ષ જણાવો ?
- ગિયાની ઇન્ફેટિનો

૪ ફૂટબોલ વર્લ્ડકપની ઓપનિંગ મેચમાં રમનાર પ્રથમ એશિયન ટીમ જણાવો ?
- સાઉદી અરેબીયા

૫ આગામી ફૂટબોલ વર્લ્ડકપ –૨૦૨૨ નું આયોજન ક્યાં થશે ?
- કતાર

૬ ઇન્ટિગ્રેટેડ વોટર મેનેજમેન્ટ ઇન્ડેક્સમાં પ્રથમ સ્થાને કયું રાજ્ય છે.
- ગુજરાત

૭ નીતિ આયોગના સીઇઓ જણાવો ?
- અમિતાભ કાંત

૮ નીતિ આયોગના ઉપાધ્યક્ષ જણાવો ?
- રાજીવકુમાર

૯ દેશના પ્રથમ ઇન્ટિગ્રેટેડ કમાન્ડ સેન્ટરનો પ્રારંભ ક્યાં થયો છે ?
- રાયપુર

## 16.June 2018

**(૧) વિરાટ કોહલીને પોલી ઉમરીગર ઍવોર્ડ**

- ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીને બેંગ્લુરૂ ખાતે યોજાયેલ બીસીસીઆઇ (Board of Control for Cricket in India) ના વાર્ષિક કાર્યક્રમમાં પોલી ઉમરીગર ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતા.
- ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭ – ૧૮માં આંતરરાષ્ટ્રીય સ્તર પર સર્વશ્રેષ્ઠ ખેલાડી બનવાને કારણે કોહલીને આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો હતો.
- કોહલીએ ૨૦૧૭–૧૮ની સિઝાનમાં ૧૩ ટેસ્ટ મેચોમાં ૭૪ ની સરસાઇથી ૧, ૩૨૨ રના બનાવ્યા હતાં. સીમિત ઓવરોમાં કોહલીએ ૨૭ મેચ ૧૫૧૬ રન બનાવ્યા હતા.
- કોહલી ઉપરાંત સ્મૃતિ મંધાનાને ૨૦૧૭–૧૮ વર્ષની સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટ ખેલાડી તરીકે પસંદ કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૭માં કેપ્ટન કોહલીને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી થી સન્માનીત કરવામાં આવ્યાં હતાં.

**(૨) ભારતનો ટેસ્ટના ઇતિહાસમાં સૌથી મોટો વિજય :**

- ભારતનો ૮૭ વર્ષના તેના ટેસ્ટ ઇતિહાસમાં સૌથી મોટો વિજય છે. ભારતે અફઘાનિસ્તાનને તેની ડેબ્યુ ટેસ્ટમાં ઇનિંગ અને ૨૬૨ રને હરાવી દીધું છે.
- મેચના બીજા દિવસે શુક્રવારે ૨૪ વિકેટ પડી હતી. ભારતની ૪ અને અફઘાનિસ્તાનની ૨૦. આવું ૧૧૬ વર્ષ બાદ થયું છે, જ્યારે એક જ દિવસમાં ૨૪ કે તેનાથી વધુ વિકેટ પડી હોય.
- આ ટેસ્ટ મેચ બેંગલુરૂના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં યોજાઇ હતી.
- આ અગાઉ ૧૯૦૨માં ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેલબોર્ન ટેસ્ટના પ્રથમ દિવસે ૨૫ વિકેટ પડી હતી.
- ટીમ ઇન્ડિયા આ મેચ બે દિવસમાં જ જીતી ગઇ છે. ભારતની પ્રથમ ઇનિંગ્સ બીજા દિવસે ૪૭૪ રને પૂરી

Vivekanand Academy Gandhinagar

થઇ હતી. ત્યારબાદ અફઘાનિસ્તાન પ્રથમ ઇનિંગ્સમાં ૧૦૯ અને બીજી ઇનિંગ્સમાં ૧૦૩ રનમાં ઓલઆઉટ થઇ ગયું એટલે કે અફઘાનિસ્તાને મેચમાં કુલ ૨૧૨ રન બનાવ્યા.

- આ મેચમાં ઉમેશ યાદવે કારકિર્દીની ૩૭ મી ટેસ્ટમાં ૧૦૦ મી વિકેટ લીધી. આ સિદ્ધિ મેળવનાર તે ૨૨ મો ભારતીય બોલર બન્યો.
- અફઘાનિસ્તાન ચોથો દેશ બન્યો છે, જેણે ભારત વિરૂદ્ધ ડેબ્યુ ટેસ્ટમાં પરાજયનો સામનો કર્યો છે. અગાઉ, પાકિસ્તાન, ઝિમ્બાબ્વે, બાંગ્લાદેશ ડેબ્યુ ટેસ્ટમાં હાર્યું હતું.

એક જ દિવસમાં સૌથી વધુ વિકેટ :

(૧) ઇંગ્લેન્ડ વિ. ઓસ્ટ્રેલિયા (૧૯૮૮) ૨૭ વિકેટ
(૨) ઓસ્ટ્રેલિયા વિ. ઇંગ્લેન્ડ (૧૯૦૨), ૨૫ વિકેટ
(૩) ઇંગ્લેન્ડ વિ. ઓસ્ટ્રેલિયા (૧૯૯૬) ૨૪ વિકેટ
(૪) ભારત વિ. અફઘાનિસ્તાન (૨૦૧૮), ૨૪ વિકેટ
(૫) દ. આફ્રિકા વિ. ઓસ્ટ્રેલિયા (૨૦૧૧) ૨૩ વિકેટ

**(૩) ૧૦૬ મી વિજ્ઞાન કોંગ્રેસ સમિટ :**

- આગામી ૧૦૬ મી વિજ્ઞાન કોંગ્રેસ સમિટ ૩ જાન્યુઆરી થી ૭ જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન પંજાબના જલંધરમાં આવેલ લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી ખાતે યોજાશે.
- આ પાંચ દિવસીય સમિટનો વિષય : 'ભવિષ્યનું ભારત– વિજ્ઞાન અને ટેકનોલૉજી.
- ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ સંઘની સ્થાપના ૧૯૧૪માં થઇ હતી. આ સંસ્થા ભારતીય વૈજ્ઞાનિકોની મુખ્ય સંસ્થા છે.
- દર વર્ષે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં તેનું સંમલન યોજાય છે.
- આ વર્ષનું ૧૦૫ મું સંમેલન મણિપુર વિશ્વ વિદ્યાલય ઇમ્ફાલ ખાતે યોજાયું હતું.

**(૪) ફોર્બ્સ ગલોબલ –૨૦૦૦ કંપની :–**

- તાજેતરમાં ફોર્બ્સ મેગેઝિને વિશ્વની ૨૦૦૦ ગ્લોબલ કંપનીઓની યાદી બહાર પાડી.
- આ યાદીમાં ભારતની ૫૮ કંપનીઓને સ્થાન મળ્યું છે.
- ટોપ– ૧૦૦ ની યાદીમાં ભારતની એકમાત્ર રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ૮૩માં સ્થાને છે.
- ન્યુયોર્કમાં આવેલ ફોર્બ્સ પ્રકાશન તેમજ મીડિયા કંપની છે. જે દ્વિસાપ્તાહિક પત્રિકા બહાર પાડે છે.

**(૫) સૌમ્યા સ્વામીનાથન – ચેસ :**

- ભારતીય મહિલા ગ્રાન્ડમાસ્ટર તેમજ પુર્વ જુનિયર ગર્લ્સ ચેમ્પિયન સૌમ્યા સ્વામીનાથન ઇરાન ખાતે યોજાનાર એશિયન ચેસ ચેમ્પિયનશીપમાં હવે ભાગ નહીં લે.
- ઇસ્લામિક દેશ ઇરાનમાં હિઝાબ અથવા સ્કાર્ફ પહેરવું ફરજિયાત છે.
- આ નિયમનો વિરોધ કરી તેણે ચેમ્પિયનશીપ માંથી ખસી જવાનો નિર્ણય લીધો.
- ઇરાન રાજધાની – તેહરાન
- રાષ્ટ્રપતિ – હસન રૂહાની
- ચલણ – ઇરાનિયન રીયાલ

પ્રશ્નો :

૧ તાજેતરમાં વિરાટ કોહલીને કયો એવોર્ડ એનાયત થયો ?
– પોલી ઉમરીગર એવોર્ડ
૨ ૨૦૧૭–૧૮ની સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટર તરીકે કોની પસંદગી થઇ ?
– સ્મૃતિ મંધાના
૩ ભારતે ટેસ્ટ ઇતિહાસમાં સૌથી મોટો વિજય કયાં દેશ સામે નોંધાવ્યો ?
– અફઘાનિસ્તાન
૪ આગામી ૧૦૬મી વિજ્ઞાન કોંગ્રેસ સમિટનું આયોજન કયાં થશે ?
– પંજાબના જલંધરના લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી ખાતે
૫ ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ સંઘની સ્થાપના ક્યારે થઇ હતી ?
– ૧૯૧૪
૬ સૌમ્યા સ્વામીનાથનનું કાર્યક્ષેત્ર જણાવો ?
– ચેસ
૭ ઇરાનની રાજધાની જણાવો ?
– તહેરાન
૮ ઇરાનનું ચલણ જણાવો ?
– ઇરાનિયન રીયાલ

## 17.June 2018

**(૧) ફાધર્સ ડે**

**સર્વદેવ મયઃ પિતા**

- દર વર્ષે જૂન મહિનાના ત્રીજા રવિવારે વિશ્વભરમાં ફાધર્સ ડે ની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે, ૧૭ જૂન–૨૦૧૮ના રોજ ભારત સહિતના મોટા ભાગના દેશોમાં ફાધર્સ ડે ઉજવણી કરવામાં આવશે.

**(૨) શિખર ધવન :**

- ભારતીય ટીમનો ઓપનર ક્રિકેટર શિખર ધવન ટેસ્ટ ક્રિકેટમાં લંચ પહેલા સદી ફટકારનાર પહેલો ભારતીય ખેલાડી બન્યો.
- તેણે આ સિધ્ધિ અફઘાનિસ્તાન સાથેની ઐતિહાસિક ટેસ્ટમાં મેળવી
- શિખર આ સિધ્ધિ મેળવનાર વિશ્વનો છઠ્ઠો ખેલાડી બન્યો.

**(૩) આયુષ્માન ભારત– નેશનલ હેલ્થ પ્રોટેક્શન મિશનને લાગુ કરવા માટે ૨૦ રાજ્યોએ કરાર કર્યા :**

- કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી યોજના આયુષ્માન ભારતને લાગુ કરવાના હેતુથી ૨૦ રાજ્યોએ કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલય સાથે કરાર કર્યા.
- આ કરાર થી દસ કરોડ ગરીબ પરિવારોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા મિશનનો લાભ મળશે.
- આ કરાર મુજબ આ વર્ષે ઓગસ્ટ સુધીમાં યોજના લાગુ થઇ જશે.
- આયુષ્માન ભારતની ઘોષણા નાણાંમંત્રી શ્રી અરૂણ જેટલીએ ૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ પોતાના બજેટ ભાષણમાં કરી હતી.
- આ યોજનાનો મુખ્ય હેતુ દેશમાં સંબંધી સેવાઓ પુરી પાડવાનો છે.
- આ યોજના દ્વારા એક પરિવારને એક વર્ષે ૫ લાખ સુધીની સહાય આપવામાં આવશે.

**(૪) પેગી વ્હીટ્સન – અંતરીક્ષ યાત્રી :**

- નાસાના અંતરીક્ષ યાત્રી પેગી વ્હીટ્સન પોતાના ૨૨ વર્ષના કાર્યકાળ બાદ સેવાનિવૃત્ત થયા.

Vivekanand Academy Gandhinagar

- તેઓ વર્ષ ૧૯૮૬માં નાસામાં એક શોધક તરીકે જોડાયા હતા.
- તેઓએ ૬૬૫ દિવસ અંતરીક્ષ મિશનમાં વિતાવ્યા છે.
- તેણી અંતરિક્ષમાં જનાર ૫૮ વર્ષીય સૌથી વરિષ્ઠ મહિલા અંતરીક્ષયાત્રી છે.
- નેશનલ એરોનોટીક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (NASA) ની સ્થાપના ૨૯ જુલાઇ ૧૯૫૮ના રોજ થઇ હતી.
- તેનું મુખ્યમથક વોંશિગ્ટન ડી.સી. ખાતે આવેલ છે.

**(૫) દુનિયાભરના સમુદ્રોમાં કચરા માટે દશ નદીઓ જવાબદાર :**

- તાજેતરમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમના રિપોર્ટ મુજબ દર વર્ષે અંદાજે ૮૦ લાખ ટન કચરો સમુદ્રમાં ભળે છે.
- દુનિયાભરમાં સમુદ્રોમાં ભળતા કચરા માટે ૧૦ નદીઓ જ સૌથી વધુ જવાબદાર છે.
- તેમાં ચીનની યાંગ્ત્જે નદી પહેલા નંબરે છે. તે ચીનની સૌથી લાંબી નદી છે.
- ભારતની ગંગા નદી બીજા નંબરે છે.
- સમુદ્રોમાં જે પ્લાસ્ટિક કચરો ભળી રહ્યો છે તેમાંથી અંદાજે ૯૦% આ ૧૦ નદીઓમાંથી જ આવી રહ્યો છે.
- આ દશનદીઓ માંથી આઠ નદીઓ એશિયાની છે. જેમાં પાંચ ચીન બે ભારત અને એક રશિયાની છે.

**આ ૧૦ નદીઓ સમુદ્રોને દૂષિત કરી રહી છે.**

- યાંગ્ત્જે ચીન
- ગંગા ભારત
- યેલો ચીન
- પર્લ ચીન
- એમર રશિયા, ચીન
- સિંધુ ભારત
- મિકાંગ ચીન
- હૈ હી ચીન
- નાઇલ આફ્રિકા
- નાઇજર આફ્રિકા

પ્રશ્નો :

૧ ફાધર્સ ડે ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
- દર વર્ષે જુન મહિનાના ત્રીજા રવિવારે

૨ શિખર ધવનનું કાર્યક્ષેત્ર જણાવો ?
- ક્રિકેટર

૩ આયુષ્યમાન ભારત નેશનલ હેલ્થ પ્રોટેક્શન મિશનમાં કેટલા રાજ્યોએ કરાર કર્યા.
- ૨૦

૪ ટેસ્ટ ક્રિકેટમાં લંચ પહેલા સદી ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી જણાવો ?
- શિખર ધવન

૫ પેગી વ્હીટ્સન નું કાર્યક્ષેત્ર જણાવો ?
- અંતરીક્ષ યાત્રી

૬ NASAનું મુખ્યમથક કયાં આવેલું છે ?
- વોશિગ્ટન ડી.સી

૭ ચીનની સૌથી લાંબી નદીનું નામ જણાવો ?
- યાંગ્ત્જે

## 18.June 2018

**(૧) રાજ્યના ૧૨ જિલ્લાને મળશે નવી આયુર્વેદિક હોસ્પિટલ :**

- ભારતની વર્ષો જૂની તબીબી ચિકિત્સા પદ્ધતિ આયુર્વેદ તરફ છેલ્લા ઘણા વર્ષોથી લોકોનો લગાવ વધી રહ્યો છે. આડઅસર રહિત પદ્ધતિ હોવાના કારણે દર્દીઓ વહેલા કે મોડા આ પદ્ધતિ અપનાવે છે.
- આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને સરકારે રાજ્યના ૧૨ જિલ્લામાં નવી આયુર્વેદિક હોસ્પિટલ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.
- જેના માટે રાજ્ય સરકાર દ્વારા બજેટમાં દશ કરોડની ફાળવણી પણ કરી દેવામાં આવી છે.
- સુરેન્દ્રનગરમાં સૌપ્રથમ મોડલ આયુર્વેદિક હોસ્પિટલની સ્થાપના દ્વારા સરકાર આ ડ્રીમ પ્રોજેક્ટમાં આગળ વધી રહી છે.
- રાજ્યમાં વર્તમાન સમયે ૩૬ સરકારી આયુર્વેદિક હોસ્પિટલો છે. જેમાં ૨.૭૦ લાખ દર્દીઓ દર્દના શમન માટે આવે છે.
- જો કે રાજ્યના ૧૨ જિલ્લા એવા છે કે જ્યાં એક પણ સરકારી આયુર્વેદિક હોસ્પિટલ નથી.
- દરેક જિલ્લામાં એક સરકારી આયુર્વેદ હોસ્પિટલ સ્થાપવાનું સરકારનું લક્ષ્ય છે. જે ૧૨ જિલ્લામાં સરકારી આયુર્વેદ હોસ્પિટલ સ્થાપાવની છે તેમાં તાપી, સુરત, મહેસાણા, પાલનપુર, લુણાવાડા, મોડાસા, ગીર– સોમનાથ, છોટાઉદેપુર, દેવભૂમિદ્વારકા, બોટાદ અને ખેડા અને આણંદનો સમાવેશ થાય છે. દરેક હોસ્પિટલમાં ૫૦ પથારીની સુવિધા રહેશે.

**(૨) રોજર ફેડરરે ૯૮મું ટાઇટલ જીત્યું :**

- દુનિયાના નંબર વન ટેનિસ ખેલાડી રોજર ફેડરરે સ્ટુટગાર્ડ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટનું ટાઇટલ જીતી લીધું છે.
- સ્વિત્ઝર્લેન્ડના ફેડરરે કેનેડાના મિલોસ રાઓનિકને ૬–૪, ૭–૬ થી હરાવ્યો હતો.
- ફેડરરની કારકિર્દીનું આ ૯૮મું એટીપી ટાઇટલ છે. સાથે આ સિઝનમાં ત્રીજુ અને ગ્રાસકોર્ટ પર ૧૮મું ટાઇટલ છે.
- તે સ્ટુટગાર્ડ ઓપનમાં પ્રથમ વખત ચેમ્પિયન બન્યો છે.

**(૩) નીતિ પે ચર્ચા – નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ચોથી બેઠક :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ૪ વર્ષમાં ચોથી બેઠક યોજાઇ.
- આ બેઠકનું આયોજન રાષ્ટ્રપતિ ભવન ખાતે કરવામાં આવ્યું હતું.
- ૨૦૧૭ના ચોથા ત્રિમાસિકમાં આર્થિક વૃદ્ધિ દર ૭.૭ ટકા રહ્યો છે.
- સરકાર સામે સૌથી મોટો પડકાર આ દરને બે અંકોમાં પહોંચાડવાનો છે. તેના માટે કેટલાક મહત્વના પગલા ઉઠાવાશે.
- ચાલુ નાણાકીય વર્ષમાં રાજ્યોને કેન્દ્ર પાસેથી ૧૧ લાખ કરોડ રૂપિયા મળશે, જે ભૂતપૂર્વ સરકારના કાર્યકાળના અંતિમ વર્ષની સરખામણીમાં ૬ લાખ કરોડ રૂપિયા વધુ છે.
- નીતિ આયોગની બેઠકમાં ખેડુતોની આવક બમણી કરવા જિલ્લાના વિકાસ, આયુષ્માન ભારત યોજના, મિશન ઇન્દ્રધનુષ, પોષાહાર અને મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતિ સમારંભ અંગે ચર્ચા થઇ.

Vivekanand Academy Gandhinagar

– નીતિ આયોગ (National Institution for Transforming India) ની સ્થાપના ૧ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ થઇ હતી.

**(૪) ભારતીય સેનાનું ઓપરેશન ઓલઆઉટ :**

– ભારતીય સેનાએ કશ્મીરના ખીણ વિસ્તારમાં હિંસક ઘટનાઓ રોકવા માટે 'ઓપરેશન ઓલ આઉટ' ફરી શરૂ કર્યું.

– આ અગાઉ પણ આતંકીઓ નો સફાયો કરવા કેન્દ્ર સરકારે ઓપરેશન ઓલ આઉટ શરૂ કર્યું હતું.

– જેમાં તહેરીક – એ – તાલિબાનનાં ઘણાં આતંકીઓને સેનાએ મોતને ઘાટ ઉતાર્યા હતા.

**(૫) વડનગરમાં બૌદ્ધમઠ પર ઓપન મ્યુઝિયમ બનશે :**

– પર્યટકોને વડનગરના પ્રાચીન વારસા વિશે સચોટ માહિતી મળે તે માટે પિઠોરી નજીક બૌદ્ધમઠ પર ઓપન મ્યુઝિયમ બનાવવામાં આવશે.

– વડનગરમાં ઉત્ખન્ન દરમિયાન પ્રાચીન અવશેષો અને મુર્તિઓ, બૌદ્ધ સ્તુપો, જૂના વાસણો, સિક્કાઓ, પ્રાચીન, દિશા સુચક યંત્ર મળી આવ્યા છે.

– આ અર્વાચીન નગરીની પ્રાચીન સંસ્કૃતિને ઉજાગર કરવા મ્યુઝિયમમાં ફોટોગ્રાફ સહિત સચોટ માહિતી ઉપલબ્ધ કરાશે.

– આશરે ૬ મહિનામાં કામ પૂર્ણ થશે, જેનો અંદાજિત ખર્ચ ૨.૫ કરોડ થશે.

**(૬) મિસ ટીનએજ ઓન્ટારિયો :**

– તાજેતરમાં રિધ્ધિ દેસાઇએ કેનેડામાં યોજાયેલી મિસ ટીનએજ ઓન્ટારિયોની પ્રથમ રાઉન્ડની સ્પર્ધાનું ટાઇટલ જીત્યું.

– રિધ્ધિ દેસાઇ મૂળ ગુજરાતના વડોદરાના વતની છે.

– આગામી ઓગસ્ટમાં યોજનારી મિસ ટીનએજ કેનેડાની સ્પર્ધામાં રિધ્ધિ ઓન્ટારિયોનું પ્રતિનિધિત્વ કરશે.

**(૭) અફઘાનિસ્તાનમાં આતંકી હુમલો :**

– અફઘાનિસ્તાનમાં ઇદની ઉજવણી દરમિયાન નાનગરહર પ્રાંતના જલાલાબાદમાં ભારતીય દૂતાવાસ પાસે આત્મઘાતી હુમલો થયો.

– આ હુમલામાં ૧૪ લોકોના મોત નિપજ્યાં જ્યારે ૪૫ લોકો ઇજાગ્રસ્ત થયા.

– અફઘાનિસ્તાનમાં ભારતીય રાજદૂત – મનપ્રિત વોહરા

પ્રશ્નો :

૧ સૌપ્રથમ મોડલ આયુર્વેદિક હોસ્પિટલની સ્થાપના કયાં કરવામાં આવશે ?

– સુરેન્દ્રનગર

૨ રોજર ફેડરર કયાં દેશનો વતની છે ?

– સ્વિત્ઝર્લેન્ડ

૩ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ચોથી બેઠકનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

– રાષ્ટ્રપતિ ભવન

૪ નીતિ આયોગની સ્થાપના ક્યારે થઇ હતી ?

– ૧ જાન્યુઆરી ૨૦૧૫

૫ ગુજરાતમાં કયાં સ્થળે ઓપન મ્યુઝિયમ બનશે ?

– વડનગરમાં બૌદ્ધમઠ પર

૬ રિધ્ધી દેસાઇ ક્યાંની વતની છે ?

– વડોદરા– ગુજરાત

## 19.June 2018

**(૧) આઇસીસી વન–ડે રેન્કિંગ :**

– તાજેતરમાં આઇસીસીએ નવા વન–ડે રેન્કિંગની જાહેરાત કરી.

– જેમા ઇંગ્લેન્ડ ૧૨૪ પોઇન્ટ સાથે પ્રથમ સ્થાને રહ્યું. જ્યારે ભારત ૧૨૨ પોઇન્ટ સાથે બીજા સ્થાન પર છે.

– આ યાદીમાં દક્ષિણ આફ્રિકા ૧૧૩ પોઇન્ટ સાથે ત્રીજા સ્થાન પર છે.

– ઓસ્ટ્રેલિયાની ટીમ આઇસીસીના નવા વન–ડે રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને પહોંચી ગઇ છે. આ તેનું ૩૪ વર્ષમાં સૌથી ખરાબ રેન્કિંગ છે.

– આ પહેલા ઓસ્ટ્રેલિયાની ટીમ જાન્યુઆરી ૧૯૮૪માં છઠ્ઠા નંબરે પહોંચી હતી. ઓસ્ટ્રેલિયાની ટીમ બે વર્ષ પહેલા નંબર વન હતી.

– આઇસીસીનું વડુ મથક – દુબઇ

– આઇસીસીના પ્રેસિડેન્ટ – ઝાહીર અબ્બાસ

– આઇસીસી ચેરમેન – શશાંક મનોહર

**(૨) સંદીપ બક્ષી – ICICI બેન્કના સીઇઓ :**

– વીડિયોકોન ગ્રુપને લોન આપવાના કેસમાં ICICI બેન્ક ના સીઇઓ ચંદા કોચર તપાસ પુરી ન થાય ત્યાં સુધી રજા પર રહેશે.

– તેમના સ્થાને ICICI પ્રુડેન્શિયલના સંદીપ બક્ષી કામકાજ સંભાળશે.

– તેઓ ૧૯ જૂનના રોજ ચાર્જ લેશે. ICICI પ્રુડેન્શિયલના એમડી તરીકે એન.એસ. કન્નનની નિમણૂક કરાઇ છે.

– ICICI બેન્ક હેડક્વાટર – મુંબઇ

**(૩) ભારતીય સેના દ્વારા વર્ષ ૨૦૧૮ને 'અક્ષમ સૈનિકો' ના વર્ષ તરીકે ઉજવવામાં આવશે.**

– ભારતીય સેનામાં ફરજ દરમિયાન શારીરિક રીતે અક્ષમ (અપંગ) થયેલ બહાદુર જવાનોના સન્માન માટે સેના વર્ષ – ૨૦૧૮ને 'અક્ષમ સૈનિકો' ના વર્ષ તરીકે ઉજવી રહી છે.

– સેના અનુસાર તેનો હેતુ અક્ષમ સૈનિકોને થતી સમસ્યાનું સમાધાન કરી તેમને યોગ્ય સન્માન આપવાનો છે.

– સેના અક્ષમ સૈનિકોને નાણાંકીય સહાય આપવાનો પ્રયાસ પણ કરે છે.

– ભારતીય સેના ૧૪ લાખ થી વધુ સક્રિય કર્મચારીઓની તાકાતનો એક સમૂહ છે ભારતીય સેના દુનિયાની ત્રીજા ક્રમની સૌથી મોટી સેના છે.

– સેનાનું સર્વોચ્ચ સન્માન પરમ વીર ચક્ર છે.

**(૪) સશેલ્સે ભારત સાથેની નેવીમથક સમજૂતી રદ કરી.**

– સશેલ્સે ભારત સાથે પોતાની અસમ્પશન આઇલેન્ડ પર નેવી મથક બનાવવાની સમજૂતી રદ કરી.

– સશેલ્સના રાષ્ટ્રપતિ ડેની ફોરે આ સમજૂતી રદ કરી.

– વર્ષ ૨૦૧૫માં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સશેલ્સ પ્રવાસ દરમિયાન આ સમજૂતી કરવામાં આવી હતી.

– સશેલ્સના રાષ્ટ્રપતિ ડેની ફોરે ૨૫ જૂને પોતાની ભારત યાત્રા પર આવશે.

– રાષ્ટ્રપતિ ડેની ફોરે જણાવ્યું હતું કે આ કરારના તમામ ઉદ્દેશ હવે પુરા થયા છે. આવતા વર્ષે સશેલ્સ સ્વખર્ચે નેવી મથકની સ્થાપના કરશે.

– સશેલ્સ રાજધાની – વિક્ટોરિયા

**(૫) ઇવાન ડ્યુક – કોલમ્બિયાના નવા રાષ્ટ્રપતિ :**

- દક્ષિણ આફ્રિકાના કોલમ્બિયાના દેશમાં યોજાયેલ રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ડેમોક્રેટીક પાર્ટીના ઉમેદવાર ઇવાન ડ્યુકનો વિજય થયો.
- તેઓ કોલમ્બિયાના સૌથી યુવાવયના રાષ્ટ્રપતિ બન્યા.
- ઇવાન ડ્યુકને ૫૪% મત મળ્યા હતા.
- કોલમ્બિયાના પૂર્વ રાષ્ટ્રપતિ જુઆ મૈનુઅલ સૌંટોસએ રિવોલ્યુશનરી આર્મ્ડ ફોર્સ ઓફ કોલમ્બિયા સાથે લડાઇ ખતમ કરવાના પ્રયાસ કર્યા હતા. જેના માટે તેમને શાંતિ નોબલ પુરસ્કાર એનાયત થયો હતો.
- રાજધાની – બોગોટા

**(૬) રોજર ફેડરર – ટેનિસ :**

- સ્વિત્ઝર્લેન્ડના ટેનિસ સ્ટાર રોજર ફેડરર સ્ટુટગાર્ડ ઓપન ચેમ્પિયનશીપમાં વિજય મેળવતા નંબર–૧ નું સ્થાન મેળવ્યું.
- તેણે એટીપી મેન્સ સિંગલ્સ રેકિંગમાં રફેલ નડાલને પાછળ મૂકીને ફરી ટોચનું સ્થાન મેળવ્યું.
- તેણે કારકિર્દીમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું હોય તેવું છઠ્ઠી વખત બન્યું.
- ફેડરરે હવે ટોચના પ્લેયર તરીકે ૩૧૦માં સપ્તાહનો પ્રારંભ કર્યો.
- ટેનિસ ઓપન એરાના ઇતિહાસમાં હજુ સુધી કોઇ પ્લેયર આટલો લાંબો સમય ટોચના સ્થાને રહ્યો નથી.

પ્રશ્નો :

૧. તાજેતરમાં જાહેર થયેલા આઇસીસી વન–ડે રેન્કિંગમાં ભારતનો ક્રમ જણાવો ?
- ૨ (બીજો)

૨ આઇસીસીનું વડુમથક કયાં આવેલું છે ?
- દુબઇ

૩ ICICI બેન્કના નવા સીઇઓ જણાવો ?
- સંદીપ બક્ષી

૪ ICICI બેન્કનુ હેડક્વાટર કયા આવેલું છે ?
- મુંબઇ

૫ ભારતીય સેના દ્વારા કયાં વર્ષ ‘સક્ષમ સૈનિકો’ ના વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું ?
- ૨૦૧૮

૬ સશેલ્સના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- ડેની ફોરે

૭ સશેલ્સની રાજધાની જણાવો ?
- વિક્ટોરિયા

૮ કોલમ્બિયાના નવા રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- ઇવાન ડ્યુક

૯ કોલમ્બિયાની રાજધાની જણાવો ?
- બોગોટા

## 20.June 2018

**(૧) રાષ્ટ્રીય ડિજિટલ લાઇબ્રેરી**

- માનવ સંસાધન વિકાસ મંત્રી, પ્રકાશ જાવડેકરે નવી દિલ્લીમાં નેશનલ ડીઝીટલ લાઇબ્રેરી ઓફ ઇન્ડિયાનો પ્રારંભ કર્યો.
- ટેકનિકલ આધારે શિક્ષણને ઉત્તેજન આપવા માટે શરૂ થયેલ ડિજિટલ લાઇબ્રેરીને આઇઆઇટી ખડકપુરે તૈયાર કરી છે.
- પ્રાથમિક થી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીની પોણા બે કરોડથી વધુ શૈક્ષણિક સામગ્રીને ડિઝિટલ લાઇબ્રેરી પર ઉલબ્ધ છે.

**(૨) ઇંગ્લેન્ડનો સર્વાધિક સ્કોરનો વર્લ્ડ રેકોર્ડ :**

- ઇંગ્લેન્ડે વન–ડે ક્રિકેટમાં સૌથી મોટો સ્કોરનો પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો.
- ઓસી. સામેની ત્રીજી વન–ડેમાં ૫૦ ઓવરમાં ૬ વિકેટે ૪૮૧ રન કર્યા.
- આ પહેલાનો રેકોર્ડ ૪૪૪ રનનો હતો. ઇંગ્લેન્ડે આ સ્કોર ૩૦ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ પાક. સામે બનાવ્યો હતો.

ટોપ–૩ સ્કોર

| સ્કોર | ટીમ | હરીફ |
|---|---|---|
| ૪૮૧/૬ | ઇંગ્લેન્ડ | ઓસ્ટ્રેલિયા |
| ૪૪૪/૩ | ઇંગ્લેન્ડ | પાકિસ્તાન |
| ૪૪૩/૯ | શ્રીલંકા | નેધરલેન્ડ્સ |

**(૩) જેફ બેઝોસ– દુનિયાના સૌથી ધનવાન**

- તાજેતરમાં ફોર્બ્સએ દુનિયાના સૌથી ધનવાન લોકોની યાદી બહાર પાડી.
- આ યાદીમાં જેફ બેઝોસ અંદાજિત ૭.૨૭ લાખ કરોડની સંપતિ સાથે પ્રથમ સ્થાને રહ્યા.
- તેઓ ઇ– કોમર્સ કંપની એમેઝોનના સ્થાપક છે.
- સૌથી ધનવાન લોકોની આ યાદીમાં ૫.૮૪ લાખ કરોડની સંપતિ સાથે બીજા સ્થાને માઇક્રોસોફટના સ્થાપક બિલ ગેટ્સ છે.
- યાદીમાં ત્રીજું સ્થાન નિવેશક વૉરેન બફેટએ મેળવ્યું.

**(૪) મુખ્યમંત્રીનો પ્રથમ વિદેશ પ્રવાસ**

- ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી બીજી વખત મુખ્યમંત્રી બન્યા બાદ પ્રથમ વખત વિદેશ પ્રવાસે જશે.
- ૨૬ જૂનનો રોજ તેઓ સચિવોના કાફલા સાથે ઈઝરાયલના પ્રવાસે જશે.
- ઇઝરાયલ કૃષિપ્રધાન દેશ છે માટે કૃષિને લગતા મહત્વના મુદ્દા પર ચર્ચા ઉપરાંત ઇઝરાઇલની ટેક્નોલોજીનો ઉપયોગ કઇ રીતે કરી શકાય તે અંગે માહિતી મેળવશે.
- ઇઝરાઇલના વડાપ્રધાન બેંજામિન નેતન્યાહું થોડા સમય પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ગુજરાત પ્રવાસે આવ્યા હતા ત્યારે તેમણે મુખ્યમંત્રી શ્રીને ઇઝરાયલ આવવાનું આમંત્રણ આપ્યું હતું.
- ઇઝરાઇલ રાજધાની – ઝેરૂસલેમ
- ઇઝરાયલ ચલણ – ઇઝરાયલી ન્યુ શેકેન
- ઇઝરાયલી જાસૂસી સંસ્થા – મોસાદ

પ્રશ્નો :

૧ કેન્દ્રના માનવ સંસાધન વિકાસ મંત્રીનું નામ જણાવો ?
- પ્રકાશ જાવડેકર

૨ રાષ્ટ્રીય ડિજિટલ લાઇબ્રેરીનો પ્રારંભ કયાં થયો ?
- દિલ્હી

૩ વન–ડે ક્રિકેટમાં સૌથી મોટા સ્કોરનો રેકોર્ડ કઇ ટીમે બનાવ્યો છે ?
- ઇંગ્લેન્ડ

૪ દુનિયાના સૌથી ધનીક વ્યક્તિનું નામ જણાવો ?
- જેફ બેઝોસ

૫ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પ્રથમ વિદેશ પ્રવાસ કયાં દેશમાં કર્યો ?
- ઇઝરાયલ

૬ ઇઝરાયલની રાજધાની જણાવો ?
- ઝેરૂસલેમ

## 21.June 2018

**(૧) વિશ્વ યોગ દિવસ**

- સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ૨૧ જૂનનો દિવસ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે.
- વિશ્વ યોગા દિવસની સૌપ્રથમ ઉજવણી ૨૧ જૂન ૨૦૧૫ના રોજ કરવામાં આવી હતી.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ વિશ્વ યોગા દિવસ અંગે સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં ઉજવણી કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો.
- વડાપ્રધાન મોદીના પ્રસ્તાવ બાદ ૧૧ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્રના ૧૯૩ દેશો માંથી ૧૭૫ દેશો દ્વારા ૨૧ જૂનના રોજ 'વિશ્વ યોગા દિવસ' ઉજવવાના પ્રસ્તાવને મંજુરી આપી હતી.
- જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્રમાં યોગ દિવસ મનાવવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે સૌપ્રથમ સમર્થન નેપાળના વડાપ્રધાન શુશીલ કોઇરાલાએ આપ્યું હતું.
- વડાપ્રધાન મોદીના આ પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા સૌથી ઓછા સમયમાં (૯૦ દિવસ) મંજૂરી આપવામાં આવી હતી.
- રાષ્ટ્રીય કક્ષાના યોગ દિવસની ઉજવણી દહેરાદૂન ખાતે કરવામાં આવી હતી.
- આ ઉજવણીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ઉપરાષ્ટ્રપતિ વૈકૈયા નાયડુ હાજર રહ્યા હતા.
- રાષ્ટ્રીય કક્ષાના યોગ દિવસની ઉજવણીમાં ૬૦ હજાર લોકો એ ભાગ લીધો હતો.

**રાજ્યકક્ષાનો યોગ દિવસ :**

- દર વર્ષે ૨૧ જૂનના દિવસે ઉજવાતા વિશ્વ યોગ દિવસની ઉજવણી રાજ્ય સરકારે આ વર્ષે અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે કરી.
- આ ઉજવણી રાજ્ય સરકાર અને પતંજલિ પીઠના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી.
- કાર્યક્રમને વિશેષ બનાવવા માટે દિવ્યાંગ બાળકો પણ તેમાં ભાગ લઇ સાયલન્ટ યોગનું નિદર્શન કરે તેવું અનોખું આયોજન કરાયું હતું.
- રાજ્ય કક્ષાની આ ઉજવણીમાં રમત- ગમત ફિલ્મક્ષેત્રે, સાહિત્ય તેમજ ઉદ્યોગ જગતની હસ્તીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- વિશ્વ યોગ દિવસ સમગ્ર રાજ્યના લોકો જોડાય તે હેતુથી ગામ, શહેર, તાલુકાઓ અને જિલ્લા મથકોમાં યોજાયો.
- વિશ્વ યોગ દિવસ નિમિત્તે વડોદરાની યોગ નિકેતન સંસ્થા દ્વારા ૧૦૦ મિનિટમાં ૧૦૮ વખત સૂર્યનમસ્કાર કરવાનો રેકોર્ડ બનાવવામાં આવ્યો.
- આ કાર્યક્રમમાં ૪૬૫ લોકોએ ભાગ લીધો હતો.
- વર્ષ ૨૦૧૭માં વિશ્વ યોગા દિવસની ઉજવણી GMDC ગ્રાઉન્ડ ખાતે થઇ હતી.
- આ ઉજવણીમાં યોગ ગુરૂ બાબા રામદેવની ઉપસ્થિતિમાં એક સમયે એક સાથે ૫૪,૨૨૨ લોકોએ યોગ કરી ગિનિસ બુક વર્લ્ડ રેકોર્ડમાં કીર્તિમાન પ્રાપ્ત કર્યો હતો.

**વર્ષ : ૨૦૧૮ થીમ – શાંતિ માટે યોગા :**

**(૨) મિસ ઇન્ડિયા : ૨૦૧૮**

- મુંબઇના સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્દોર સ્ટેડિયમ ખાતે યોજાયેલ મિસ ઇન્ડિયા ૨૦૧૮નો ખિતાબ તામિલનાડુની અનુકૃતિ વાસએ જીત્યો.
- અનુકૃતિએ ૨૯ પ્રતિસ્પર્ધીને હરાવી આ ખિતાબ પોતાને નામે કર્યો.
- વર્ષ ૨૦૧૮ની મિસ વર્લ્ડ સ્પર્ધામાં અનુકૃતિ વાસ ભારતનું પ્રતિનિધિત્વ કરશે.
- મિસ વર્લ્ડ માનુષી છીલ્લરએ અનુકૃતિને તાજ પહેરાવ્યો હતો.
- આ ઇવેન્ટમાં હરિયાણાની મીનાક્ષી ચૌધરી ફર્સ્ટ રનર અપ બની. સેકન્ડ રનર – અપ આંધ્રપ્રદેશની શ્રેયા રાવ
- આ ઇવેન્ટ કરણ જોહર અને આયુષમાન ખુરાના દ્વારા હોસ્ટ કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૭માં આ ખિતાબ માનુષી છીલ્લરએ જીત્યો હતો.

**(૩) અરવિંદ સુબ્રમણ્યન – મુખ્ય આર્થિક સલાહકાર :**

- મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યને પોતાના પદ પરથી રાજીનામું આપ્યું.
- અરવિંદ સુબ્રમણ્યન ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદમાંથી એમબીએ થાય હતા.
- મુખ્ય આર્થિક સલાહકાર નાણાંમંત્રીને મોટા આર્થીક મામલાઓ પર સલાહ આપવાનું કાર્ય કરે છે.
- તેઓ ૧૬ ઓક્ટોબર ૨૦૧૪ થી મુખ્ય આર્થિક સલાહકાર તરીકે સેવામાં જોડાયા હતા.
- તેઓએ રઘુરામ રાજનના ઉત્તરાધિકારી તરીકે આ હોદ્દો સંભાળ્યો હતો.

**(૪) જમ્મુ–કાશ્મીરમાં ૮ મી વખત રાજ્યપાલ શાસન :**

- જમ્મુ – કશ્મીરમાં ૨૦ જૂનથી ૮મી વખત રાજ્યપાલ શાસન લાગુ થયું.
- ભારતીય જનતા પાર્ટીએ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી સાથેનું ગઠબંધન તોડતા મહેબૂબા મુફ્તી સરકાર પડી ભાંગી
- બીજેપીનું સમર્થન પાછું ખેચાતા મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ રાજીનામું આપ્યું.
- જૂન– ૨૦૦૮માં રાજ્યપાલ બનેલ એન.એન. વ્હોરા દશ વર્ષમાં ચોથીવાર રાજ્યની કમાન સંભાળી રહ્યાં છે.
- પ્રથમ વખત ૨૬ માર્ચથી ૯ જુલાઇ ૧૯૭૭ – ૧૦૫ દિવસ રાજ્યપાલ શાસન લાગુ થયું હતું ત્યારે એલ.કે. ઝા રાજ્યપાલ હતા.
- જ્યારે સાતમી વખત આઠ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ લાગુ થયું હતું. જે ૮૭ દિવસ ચાલ્યું હતું.
- બંધારણના અનુચ્છેદ–૩૫૬ મુજબ રાજ્યપાલ શાસન લગાવ્યાના છ મહિનાની અંદર કોઇ સરકાર ન બને તો રાજ્યપાલ શાસનની સમય મર્યાદા વધારી શકાય છે.

**(૫) સિંહોના સંવર્ધન માટે અનામત વિસ્તાર ઉમેરાયો :**

- ગુજરાત સરકારે સિંહોના સંવર્ધન માટે વધુ ૧૦૯ ચો.કીમી. વિસ્તાર ઉમેર્યો
- આ વિસ્તાર કન્ઝર્વેશન રિઝર્વ એરિયા તરીકે જાહેર થયો છે, જે અમરેલી અને ભાવનગર જિલ્લામાં પથરાયેલો છે.

Vivekanand Academy Gandhinagar

- અત્યાર સુધી ગીર નેશનલ પાર્ક અને અન્ય પાંચ અભયારણ્ય મળી ને કુલ ૧૮૪૧.૧૭ ચો.કિમી વિસ્તાર સિંહોના સંવર્ધન માટે હતો.
- કેગના રિપોર્ટમાં સિંહોના વિસ્તાર વધારવા કરાયેલ ટિપ્પણીના સંદર્ભે આ નિર્ણય લેવાયો છે.

**(૬) સમિટ – દુનિયાનું સૌથી શક્તિશાળી સુપરકમ્પ્યુટર :**

- અમેરિકાના વૈજ્ઞાનિકોએ 'સમિટ' નામનું દુનિયાનું સૌથી શક્તિશાળી અને સૌથી બુદ્ધિમાન વૈજ્ઞાનિક સુપરકમ્પ્યુટર લોન્ચ કર્યુ.
- આ સુપરકમ્પ્યુટર પ્રતિ સેકન્ડ ૨,૦૦,૦૦૦ ટ્રિલિયન ગણતરી પૂર્ણ કરી શકે છે.
- તે ઉર્જા ઉન્નત સામગ્રી અને કૃત્રિમ બુદ્ધિમાં અનુસંધાનમાટે અભૂતપૂર્વ કમ્પ્યુટર શક્તિ પ્રદાન કરે છે.
- અમેરિકાના ઉર્જા વિભાગ ઓક રીઝ નેશનલ લેબોરેટરી (ORNL)ના સુપરકમ્પ્યુટર 'સમિટ' તેના અગાઉના રેંકિંગ સિસ્ટમ – ટાઇટનની તુલનામાં આઠ ગણું વધારે શક્તિશાળી છે.
- અમેરિકાની રાજધાની – વોશિંગ્ટન ડી.સી
- રાષ્ટ્રપતિ – ડોનાલ્ડ ટ્રમ્પ

**(૭) 'સેફ એન્ડ સિક્યોર' ઇનોવેટિવ આઇડિયાનો અમદાવાદને એવોર્ડ :**

- તાજેતરમાં કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે સ્માર્ટ સિટી અંતર્ગત દેશના ૮૭ શહેરોના રેન્કિંગની યાદી જાહેર કરી.
- આ યાદીમાં અમદાવાદ બીજા ક્રમે જાહેર કરાયું છે.
- બીજી તરફ કેન્દ્રએ જાહેર કરેલા સ્માર્ટ સિટીના એવોર્ડમાં અમદાવાદને 'સેફ એન્ડ સિક્યોર' ઇનોવેટિવ આઇડિયા એવોર્ડ પણ જાહેર કરાયો છે.
- અમદાવાદની સાથે સંયુક્ત ક્રમે આ એવોર્ડ ભોપાલને પણ એનાયત થયો છે.
- અમદાવાદે છેલ્લા ત્રણ વર્ષમાં ૩૭૪ કરોડ રૂપિયા વિવિધ પ્રોજેક્ટ હેઠળ ખર્ચ કર્યા છે જેમા ૨૯૬ કરોડ જેટલી ગ્રાન્ટ કેન્દ્ર સરકાર તરફથી મળી છે.
- ટોપ ટેનનું રેન્કિંગ સબમીટ કરેલા કુલ પ્રોજેક્ટ અને તેમાંથી કેટલા પૂર્ણ થયા, કેટલાના ટેન્ડરીંગ થયા તેના આધારે કરવામાં આવે છે.
- કેન્દ્ર દ્વારા પાંચ વર્ષ સુધી દરેક શહેરને ૧૦૦ કરોડની ગ્રાન્ટ મળે છે જેમાં હાલમાં અમદાવાદ સ્માર્ટસિટી કંપનીનો ઓથોરાઇઝ શેર કેપીટલ ૨૦૦ કરોડ છે.

**(૮) ઇન્ડિયા સ્માર્ટસિટી પુરસ્કાર – ૨૦૧૮**

- કેન્દ્રના સ્માર્ટસિટી પ્રોજેક્ટ અંતર્ગત સુરત શહેરને સારી ગતિ પ્રદર્શિત કરવા બદલ સ્માર્ટસિટી એવોર્ડ એનાયત થશે.
- આ એવોર્ડની શરૂઆત આવાસ અને શહેરી મંત્રાલય દ્વારા ૨૫ જૂન ૨૦૧૭ થી કરવામાં આવી છે.
- કેન્દ્ર સરકાર દ્વારા સ્માર્ટસિટી યોજનાનો પ્રારંભ વર્ષ ૨૦૧૫માં થયો હતો. જેમાં દેશના ૧૦૦ શહેરોને સ્માર્ટ શહેર બનાવવાનો સંકલ્પ કરાયો હતો.
- તાજેતરમાં મેઘાલયની રાજધાની શિલોંગની ૧૦૦ મી સ્માર્ટ સિટી તરીકે પસંદગી કરવામાં આવી.
- આ પહેલા જાન્યુઆરી ૨૦૧૬માં ૨૦ શહેરો, મે–૨૦૧૬માં ૧૩ શહેરો, સપ્ટેમ્બર ૨૦૧૬માં ૨૭ શહેરો, જૂન–૨૦૧૭માં ૩૦ શહેરો અને જાન્યુઆરી ૨૦૧૮માં ૯ શહેરોની પસંદગી કરવામાં આવી હતી.
- શિલોંગની પસંદગી બાદ ૧૦૦ સ્માર્ટ સિટીનો સંકલ્પ પુર થશે.

**(૯) પીયુષ– પ્રસૂન પાંડેને કાન્સ લાયન્સ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ**

- એડ્ ગુરૂ પીયુષ પાંડે અને ફિલ્મ નિર્દેશક પ્રસૂન પાંડેને કાન્સ લાયન્સ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ, ધ લાયન ઓફ સેન્ટમાર્કથી સનમાનિત કરાયા છે.
- આ જાહેરાત ૧૯ જૂનના રોજ કાન્સ આંતરરાષ્ટ્રીય ફેસ્ટિવલ ઓફ ક્રિએટિવિટીએ કરી.
- આ એવોર્ડ મેળવનાર તેઓ બંને પ્રથમ એશિયન છે.
- મૂળ જયપુરના પીયુષ પાંડે ભાસ્કર ગ્રુપના સ્વતંત્ર ડિરેક્ટર છે.
- પીયુષ અને પ્રસૂનને આ એવોર્ડ ૨૨ મી જૂને યોજાનારા કાન્સ ફેસ્ટિવલમાં અપાશે.
- સેન્ટ માર્ક સર્વોચ્ચ સન્માન છે, જે આંતરરાષ્ટ્રીય સ્તર પર કમ્યુનિકેશન ઇન્ડસ્ટ્રીની રચનાત્મક પ્રતિભાઓને કાન્સ આંતરરાષ્ટ્રીય ફેસ્ટિવલ ઓફ ક્રિએટિવિટી દ્વારા અપાય છે.
- કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો આ આઠમો સેન્ટ માર્ક એવોર્ડ છે.

**(૧૦) સરકારની નવી પાલિસી : સૂર્ય, પવન, ઊર્જા વીજશુલ્કમાંથી મુક્ત :**

- રાજ્યમાં રિન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપવા અને હયાત ટ્રાન્સમિશન લાઇન તેમજ ઇન્ફ્રસ્ટ્રક્ચરનો મહત્તમ ઉપયોગ થઇ શકે તે માટે સોલાર અને વિન્ડની નવી હાઇબ્રિડ પોલિસીની જાહેરાત રાજ્ય સરકારે કરી છે.
- હાલમાં મળેલી કેબિનેટ બેઠકમાં નવી પોલિસીને મંજૂરી અપાઇ છે.
- આ પોલિસી હેઠળ ઉત્પન્ન થનારી તમામ વિન્ડ અને સોલાર એનર્જીને ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી (વીજશુલ્ક)માંથી સંપૂર્ણ મુક્તિ અપાશે.
- હાલમા જે સોલાર પાવર પ્રોજેક્ટ છે ત્યાં જ હયાત ટ્રાન્સમિશન લાઇનનો ઉપયોગ કરીને વિન્ડ પ્રોજેક્ટ સ્થાપી શકાશે અને તે જ રીતે પવન ઉર્જાના હયાત પ્રોજેક્ટમાં સોલાર યુનિટ કાર્યરત કરી શકાશે.
- આ નીતિ અંતર્ગત નવા પ્રોજેક્ટ પણ સ્થાપી શકાશે.

પ્રશ્નો :

૧ વિશ્વ યોગ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?
– ૨૧ જૂન
૨ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ ક્યારે હોય છે ?
– ૨૧ જૂન
૩ વિશ્વ યોગા દિવસની સૌપ્રથમ ઉજવણી ક્યાં કરવામાં આવી હતી ?
– દહેરાદૂન
૪ ગુજરાત સરકારે યોગ દિવસની ઉજવણી ક્યાં કરી હતી ?
– અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ
૬ વિશ્વ યોગા દિવસ–૨૦૧૮ની થીમ જણાવો ?
– શાંતિ માટે યોગા
૭ મિસ ઇન્ડિયા ૨૦૧૮નો ખિતાબ કોણે જીત્યો ?

– અનુકૃતિ વાસે
૮ તાજેતરમાં મુખ્ય આર્થિક સલાહકાર પદેથી કોણે રાજીનામું આપ્યું ?
– અરવિંદ સુબ્રમણ્યમ્
૯ જમ્મુ કાશ્મીરમાં કેટલામી વખત રાજ્યપાલ શાસન લાગ્યું ?
– ૮ મી વખત
૧૦ દુનિયાનું સૌથી શક્તિશાળી સુપરકમ્પ્યુટરનું નામ જણાવો ?
– સમિટ
૧૧ અમેરિકાની રાજધાની જણાવો ?
– વોશિંગ્ટન ડી.સી.
૧૨ તાજેતરમાં 'સેફ એન્ડ સિક્યોર' ઇનોવેટિસવ આઇડિયાનો એવોર્ડ કયા શહેરને એનાયત થયો ?
– અમદાવાદ, ભોપાલ
૧૩ ઇન્ડિયા સ્માર્ટ સિટી પુરસ્કાર કયાં મંત્રાલય દ્વારા અપાય છે ?
– આવાસ અને શહેરી મંત્રાલય
૧૪ ઇન્ડિયા સ્માર્ટસિટી પુરસ્કાર – ૨૦૧૮માં કયા શહેરને એવોર્ડ મળ્યો ?
– સુરત

## 22.June 2018

**(૧) વિશ્વનું સૌથી પહેલું આંતરરાષ્ટ્રીય 'હ્યુમેનિટેરિયન ફોરેન્સિક' કેન્દ્ર– ગાંધીનગર.**

– ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (GFSU) ખાતે વિશ્વનું પ્રથમ ઇન્ટરનેશનલ સેન્ટર ફો હ્યુમેનટેરિયન ફોરેન્સિક (ICHF) માટે આંતરરાષ્ટ્રીય કેન્દ્ર લોન્ચ કરવામાં આવ્યું.
– આ કેન્દ્ર ભારત, ભૂટાન, નેપાલ, માલદીવ અને ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિના ક્ષેત્રિય પ્રતિનિધિમંડળનું સંયુક્ત સાહસ છે.

**(૨) ફ્રાંસના વિલર્સ ગિસ્લેનમા યુધ્ધ સ્મારકનું નિર્માણ ભારત કરશે.**

– ફ્રાંસના વિલર્સ ગિસ્લેન ખાતે પ્રથમ વિશ્વ યુદ્ધમાં ફ્રાંસની આઝાદીમાં સહયોગી બનેલ ભારતીય સૈનિકોના યોગદાન બદલ એક યુધ્ધ સ્મારકનું નિર્માણ ભારત દ્વારા કરવામાં આવશે.
– આ અંગેની ઘોષણા વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ દ્વારા કરવામાં આવી.
– પ્રથમ વિશ્વ યુધ્ધ દરમ્યાન વિલર્સ ગિસ્લેનમાં થયેલ યુધ્ધમાં બ્રિટિશ ભારતના ઘોડાસવાર સૈનિકોએ ભાગ લીધો હતો.
– ફ્રાંસ રાજધાની – પેરિસ
– રાષ્ટ્રપતિ – ઇમાનુઅલ મેક્રોન
– ચલણ – યૂરોસ

**(૩) ન્યૂઝીલેન્ડનાં PM જેસીન્ડા માતા બન્યાં :**

– ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન જેસીન્ડા ઓર્ડન માતા બન્યાં. તેમણે તેમની પ્રથમ પુત્રીને જન્મ આપ્યો છે.
– ૩૭ વર્ષના જેસીન્ડા ઓર્ડને ફોટો શેર કરીને આ માહિતી આપી હતી.
– આ સાથે જ જેસીન્ડા પદ પર હોય અને માતા બન્યાં હોય એવા વિશ્વના બીજા મહિલા બન્યાં છે.
– પ્રથમ મહિલા પાકિસ્તાનના બેનઝીર ભુટ્ટો હતાં. તેઓ ૧૯૯૦માં વડાપ્રધાન હતાં. ત્યારે માતા બન્યાં હતાં.
– તે સમયે તેમની ઉંમર પણ ૩૭ વર્ષની હતી.

**(૪) એઆર રહેમાન – સિક્કીમના બ્રાંડ એમ્બેસેડર :**

– પ્રખ્યાત સંગીત સંગીતકાર એ.આર. રહેમાનને સિક્કિમ સરકાર દ્વારા એક વર્ષ માટે રાજ્યના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણૂક કરવામાં આવી.
– તેમની નવી ભૂમિકામાં રહેમાન રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે રાજ્યની સિદ્ધિઓને જાહેર કરશે.
– અગાઉ રહેમાનને પ્રવાસન અને વ્યવસાયના રાજ્યના રાજદૂત બનાવવામાં આવ્યા હતા.
– સિક્કિમક રાજધાની – ગંગટોક, મુખ્યમંત્રી – પવનકુમાર ચામલિંગ

**(૫) જળ સંરક્ષણમાં રાજસ્થાન દેશમાં પ્રથમ ક્રમે : નીતિ આયોગ :**

– તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જળ સંવર્ધન, જળ સંરક્ષણ તથા ભૂગર્ભિય જળમાં વધારો થાય તે ક્ષેત્રે ઉલ્લેખનીય કાર્યોમાં પ્રથમ ક્રમ અપાયો છે.
– નીતિ આયોગના રિપોર્ટ મુજબ મુખ્યમંત્રી જળ સ્વાવલંબન અભિયાનના જળસંરક્ષણ સંરચનાઓના કારણે રાજસ્થાનમાં જળ સ્તરની વૃધ્ધિ થઈ છે.
– રાજધાન – જયપુર, મુખ્યમંત્રી વસુંધરા રાજે

**(૬) રિષી તનેજા – ફૂટબોલ વર્લ્ડ કપ :**

– રશિયામાં ચાલી રહેલા ફૂટબોલ વર્લ્ડ કપમાં ભારતીય રિષી તનેજાએ સોચીમાં રમાયેલ મેચમાં બોલ કીપર તરીકેની કામગીરી સંભાળી હતી.
– મેચ શરૂ થયા પહેલા બંને ટીમોના ખેલાડીઓ બાળકોના હાથ પકડીને મેદાનમાં પ્રવેશે છે. જ્યારે એક બાળકને બોલ હાથમાં લઇ મેદાનમાં જવાની જવાબદારી સોંપવામાં આવે છે.
– બેલ્જિયમ અને પનામા વચ્ચેની મેચમાં બેંગલોરના ૧૦ વર્ષીય રિષીએ આ જવાબદારી સંભાળી હતી.
– આ ઉપરાંત ૨૨ જૂનના રોજ યોજાયેલ બ્રાઝિલ અને કોસ્ટારિકાની મેચમાં આંધ્રપ્રદેશના નાથાનીયા જોન કે ને બોલ કેરિયરની જવાબદારી સોંપવામાં આવી હતી.

**(૭) રાષ્ટ્રપતિએ સુરીનામમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી :**

– રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દક્ષિણ અમેરિકાના એક નાનકડા ટાપુ દેશ સુરીનામની મુલાકાતે ગયા.
– ૨૧ જૂન વિશ્વ યોગ દિવસે સુરીનામમાં પણ યોગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાષ્ટ્રપતિ રામાનાથ કોવિન્દ જોડાયા હતા.
– તેમણે સુરીનામના રાષ્ટ્રપતિ ડિઝાયર દેલનો બાઉંટરસેલ સાથે યોગ કર્યા હતા.
– આ ઉપરાંત ભારતના વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે યુરોપીયન સંસદમાં આયોજિત યોગા કાર્યક્રમમાં ભાગ લઇ યોગ કર્યા હતા.

પ્રશ્નો :

૧ વિશ્વનું પ્રથમ ઇન્ટરનેશનલ સેન્ટર ફોરનિટેરિયન ફોરેન્સિક્સ કેન્દ્ર કયાં લોન્ચ કરાયું ?
– ગાંધીનગર
૨ ફ્રાંસની રાજધાનીનું નામ જણાવો ?
– પેરિસ
૩ ફ્રાંન્સનું ચલણ જણાવો ?
– યુરો
૪ ન્યુઝીલેન્ડના વડાપ્રધાનનું નામ જણાવો ?
– જેસીન્ડ ઓર્ડન

૫ સિક્કિમ રાજ્યના નવા બ્રાન્ડ એમ્બેસેડરનું નામ જણાવો ?
- એ.આર. રહેમાન

૬ સિક્કિમની રાજધાની જણાવો ?
- ગંગટોક

૭ સિક્કિમના મુખ્યમંત્રી જણાવો ?
- પવન કુમાર ચામલિંગ

૮ નીતિ આયોગના રિપોર્ટ મુજબ જળ સંરક્ષણમાં દેશમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
- રાજસ્થાન

૯ રાજસ્થાનના મુખ્યમંત્રીનું નામ જણાવો ?
- વસુંધરા રાજે

૧૦ ફુટબોલ વર્લ્ડકપ –૨૦૧૮નું આયોજન કયાં થયું ?
- રશિયા

૧૧ ૨૧ જૂન કયો દિવસ ઉજવવામાં આવે છે ?
- વિશ્વ યોગ દિવસ

૧૨ સુરીનામના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- ડિઝાયર દેલનો

## 23.June 2018

**(૧) ધરતીપુત્રોની આવક બમણી કરવા સમિતિની રચના :**
- કેન્દ્ર સરકારે કૃષિ અને મનરેગાના સમનવ્ય દ્રષ્ટિકોણ માટે એક મુખ્યમંત્રીઓના સમૂહવાળી સમિતિની રચના કરી.
- આ સમિતિ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના દ્રષ્ટિકોણને હેતુ રાખી કાર્ય કરશે.
- આ સમિતિમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ સંયોજક છે.
- આંધ્રપ્રદેશ, બિહાર, ગુજરાત, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, અને સિક્કિમના મુખ્યમંત્રી આ સમિતિના સભ્યો છે. આ સમિતિમાં નીતિઆયોગના સદસ્ય શ્રી રામચંદ્રની પણ ભૂમિકા રહેશે.
- ૧૭ જૂન ૨૦૧૮ના રોજ મળેલ નીતિ આયોગની ચોથી બેઠકમાં આ સમિતિની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

**(૨) ગાંજાના સેવનને માન્ય કરનાર દેશ – કેનેડા :**
- તાજેતરમાં કેનેડાની સંસદે માદક પદાર્થ ગાંજાના સેવનની મંજૂરી આપી.
- આ સાથે જ કેનેડા ગાંજાના સેવનને મંજૂરી આપનાર દુનિયાનો બીજો દેશ બન્યો.
- ડિસેમ્બર ૨૦૧૩માં વિશ્વમાં સૌપ્રથમ ઉરુગ્વે ગાંજાના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ માટે મંજૂરી આપી હતી.
- રાજધાની – ઓટાવા
- વડાપ્રધાન – જસ્ટિસ ટૂડો– ચલણ – કેનેડીયન ડોલર

**(3) એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંકની ત્રીજી બેઠક મુંબઇમાં યોજાશે**
- એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર (AIIB) ની મુંબઇમાં યોજનાર ત્રીજી બેઠકનું ઉદ્‌ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરશે.
- આ બેઠક ૨૫–૨૬ જૂનના રોજ યોજાશે.
- વર્ષ – ૨૦૧૮ની આ બેઠકનો વિષય ‘Mobilizing Finance for infrastructure : innovation and Collaboration” છે.
- એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (.) ની સ્થાપના વ્યાપારિક હેતુ માટે ૧૬ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ કરવામાં આવી હતી.
- માં સૌથી વધુ હિસ્સો ચીનનો છે.
- મુખ્યમથક – બેંજિંગ, ચીન
- સદસ્ય દેશ– ૮૬
- અધ્યક્ષ – જીન લીકુન

**(૪) મુકેશ અંબાણીની સંપત્તિ માત્ર ૪૮ કલાકમાં ૯૪૦૦ કરોડ વધી**
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ બે દિવસમાં જ વિશ્વભરમાં મોટો રેકોર્ડ બનાવ્યો છે.
- રિલાયન્સ ઇન્ડિયાના શેરમાં આવેલી તેજીના કારણે બે દિવસમાં મુકેશ અંબાણીની કુલ સંપત્તિમાં ૯૪૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો છે.
- મુકેશ અંબાણી વિશ્વના સૌથી ધનિક લોકોના લિસ્ટમાં ૧૫ માં સ્થાને પર પહોંચ્યો છે.
- વોલમાર્ટના જિમ વોલ્ટન અને રોબ વોલ્ટનને પાછળ રાખીને આ રેકોર્ડ બનાવવામાં સફળ થયા છે.
- મુકેશ અંબાણીની સંપત્તિ ૪૧.૯ અબજ ડોલર એટલે કે ૨.૮૪ લાખ કરોડ રૂપિયા પર પહોંચી.
- બ્લૂમબર્ગ ટોપ ૫૦૦ ધનવાનોમાં ઓપ્રોહ વિન્ફ્રેએ ૪૯૪ નંબરે સ્થાન મેળવી પ્રથમ બ્લેક મહિલા બિલિયોનર બની છે. વિન્ફ્રેએ એક સપ્તાહમાં ૪ અબજ ડોલરની નેટવર્થ મેળવી છે.
- આ યાદીમાં ૬૪ મહિલાઓએ સ્થાન મેળવ્યુ છે. જેમાં ૬ આંત્રપ્રિન્યોર મહિલામાં વિન્ફ્રે એક છે.

**(૫) ઇંગ્લેન્ડ મહિલા ક્રિકેટ ટીમનો નવો ઐતિહાસિક રેકોર્ડ :**
- ઇંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમે સાઉથ આફ્રિકા સામેની મેચમાં ૨૫૦ રન બનાવી ટી–૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રનનો રેકોર્ડ બનાવ્યો.
- આ રેકોર્ડ માત્ર પાંચ કલાકમાં ઇંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમે બનાવ્યો.
- સાઉથ આફ્રિકાની મહિલા ટીમે આ મેચમાં ૬ વિકેટ ગુમાવી ૧૨૯ રન બનાવ્યા હતાં.
- છેલ્લા થોડા દિવસોમાં ક્રિકેટ જગતમાં રનનો ધોધ વહી રહ્યો છે જેના કારણે અનેક રેકોર્ડ તૂટ્યા છે.
- અગાઉ ઇંગ્લેન્ડની પુરૂષ ક્રિકેટ ટીમે વન–ડે ક્રિકેટમાં સર્વાધિક રનનો રેકોર્ડ બનાવ્યો હતો.

**ક્રિકેટ જગતમાં થયેલ ધમાકા :**
- ૮ જૂન – ન્યૂઝીલેન્ડની મહિલા ટીમે આયર્લેન્ડ વિરૂદ્ધ વન–ડે ક્રિકેટમાં સર્વાધિક સ્કોર (૪૯૦/૪) બનાવ્યો.
- ૪૯ જૂન – ઇંગ્લેન્ડની પુરૂષ ટીમે ઓસ્ટ્રેલિયા વન–ડે ક્રિકેટમાં સર્વાધિક સ્કોર (૪૮૧/૬) બનાવ્યો.
- ૨૦ જૂન – ન્યૂઝીલેન્ડ મહિલા ટીમે ટી–૨૦ ક્રિકેટમાં સર્વાધિક સ્કોર (૨૧૬/૧) બનાવ્યો હતો.
- ૨૦ જૂન – ઇંગ્લેન્ડ મહિલા ટીમે ટી–૨૦માં સૌથી મોટો સ્કોર(૨૫૦/૧) બનાવ્યો.

પ્રશ્નો :

૧ મધ્યપ્રદેશના મુખ્યમંત્રીનું નામ જણાવો ?
- શિવરાજસિંહ ચૌહાણ

૨ ગામના સેવનને માન્ય કરનાર કેનેડા કેટલામો દેશ બન્યો ?
- ૨ (બીજો)

Vivekanand Academy Gandhinagar

૩ વિશ્વમાં સૌપ્રથમ ગાંજાના ઉત્પાદનની મંજુરી કોણે આપી હતી ? અને ક્યારે ?
– ડિસેમ્બર–૨૦૧૩ ઉરુગ્વે
૪ કેનેડાની રાજધાનીનું નામ જણાવો ?
– ઓટાવા
૫ AIIB નું પુરૂનામ જણાવો ?
– એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક
૬ AIIB નો સૌથી વધુ હિસ્સો કયાં દેશમાં છે ?
– ચીન
૭ AIIB માં સદસ્ય દેશ કેટલા છે ?
– ૮૬
૮ ટી–૨૦ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં સૌથી વધુ રનનો રેકર્ડ કઇ ટીમે બનાવ્યો ?
– ઇંગ્લેન્ડ

## 24.June 2018

**(૧) ભારતનું પહેલું રોબોટ દૂરબીન :**
– ભારતીય અવકાશીય વેધશાળાએ ભારતનું પ્રથમ રોબોટ દૂરબની લોન્ચ કર્યું.
– લદાખના હનલે ખાતે લોન્ચ થયેલ આ દૂરબીન ૪૫,૦૦૦ મીટર પરનું દુનિયાનું સૌથી ઊંચા દૂરબીન પૈકીનું એક છે.
– આ દૂરબીન અમેરિકા, બ્રિટન, જાપાન, જર્મની, તાઇવાન અને ઇઝરાઇલ સાથેના ગ્લોબલ રિલે ઓફ ઑબ્સેર્વટોરીઝ વાચિંગ ટ્રાન્સીએંડ્સ હૈપનનું એક સંયુક્ત સાહસ છે.
– આ દુરબીન બ્રંહ્માડની ગતિશીલ ઘટનાઓના નિરીક્ષણ કરવા માટે બનાવવામાં આવ્યું છે.

**(૨) મેંગોલિયામાં ગૃહમંત્રી રાજનાથસિંહે રિફાઇનરીનું ઉદ્‌ઘાટન કર્યું.**
– ભારતીય ગૃહમંત્રી રાજનાથસિંહ મેંગોલિયાની ત્રણ દિવસીય યાત્રા પર ગયા છે.
– કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથસિંહે મેંગોલિયા ખાતે તેલ રિફાઇનરી પરિયોજનાનું શિલાન્યાસ કર્યો.
– ભારત સરકારે આ પરિયોજના માટે એક અરબ અમેરિકી ડોલરનું રોકાણ કર્યું છે.
– રાજધાની – ઉલાનબટોર
– રાષ્ટ્રપતિ – ખલ્તમાગીન બટુલ્ગા
– ચલણ – તોગોર્ગ

**(૩) ભારતીય સ્ટેટ બેંકના નવા એમ.ડી. – અરિજિત બસુ**
– ભારતીય સ્ટેટ બેંકના નવા એમ.ડી. તરીકે અરિજિત બસુને નિયુક્ત કરવામાં આવ્યા.
– કેબિનેટની નિયુક્તિ સમિતિએ ઓક્ટોબર ૨૦૨૦ સુધી તેમને ભારતીય સ્ટેટ બેંકના એમ.ડી. તરીકે નિયુક્ત કર્યા.
– આ અગાઉ બસુ કોર્પોરેટ એકાઉન્ટ સમૂહના નાયબ એમ.ડી. તરીકે ફરજ બજાવતા હતા.
– મુખ્ય મથક – મુંબઇ
– સ્થાપના – ૧ જુલાઇ ૧૯૫૫
– અધ્યક્ષ – રજનીશ કુમાર

**(૪) મહારાષ્ટ્ર સરકારે પ્લાસ્ટીક અને થરમૉકૉલ પર પ્રતિબંધ મૂક્યો :**
– મહારાષ્ટ્રમાં પ્લાસ્ટિક અને થરમૉકોલના ઉપયોગ પર ૨૪ જૂન ૨૦૧૮થી પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
– રાજ્ય સરકારે પ્રતિબંધનો ઉલ્લંઘન કરવા પર ત્રણ મહિનાની જુલ અને ૨૫ હજાર રૂપિયા સુધી દંડની જાહેરાત કરી.
– રાજધાની – મુંબઇ
– મુખ્યમંત્રી – દેવેન્દ્ર ફડનવીશ
– રાજ્યપાલ – સી. વિદ્યાસાગર રાવ

**(૫) બેસ્ટ પર્ફોમિંગ સોશીયલ સેક્ટર મિનિસ્ટ્રી એવોર્ડ :**
– મહિલા અને બાળ વિકાસ મંત્રાલયને બેસ્ટ પર્ફોમિંગ સોશીયલ સેક્ટર મિનિસ્ટ્રી એવોર્ડ એનાયત થયો.
– પાછલા ૪ વર્ષમાં મહત્વપૂર્ણ કામગીરી બદલ સ્કૉચ દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.
– કેન્દ્રિય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય મંત્રી મેનકા ગાંધીએ ૨૨ જૂનના રોજ આ એવોર્ડ મંત્રાલય વતી મેળવ્યો.
– સ્કૉચ એક વિચારક મંડળ છે, જે ૧૯૯૭ થી વિકાસ અને સામાજિક આર્થિક મુદ્દાઓ પર કાર્ય કરે છે.

**(૬) અમિત ક્રુષણ – બધિર કુશ્તી :**
– વિશ્વ બધિર કુશ્તી ચેમ્પિયનશીપમાં પ્રથમ વખત ભારતને ગોલ્ડ મેડલ મળ્યો.
– રૂસમાં યોજાયેલ પાંચમી વિશ્વ બધિર કુશ્તી ચેમ્પિયનશીપમાં હરિયાણાના અમિત ક્રુષણએ ગોલ્ડ મેળવ્યો.
– અમિતે ૭૦ કિ.ગ્રા. વજન વર્ગમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.
– આ ચેમ્પિયનશીપમાં હરિયાણાના રીતિકએ ૫૧ કિ.ગ્રા. અને અજય કુમારે ૬૫ કિ.ગ્રા. વજન વર્ગમાં બ્રોન્ઝ એવોર્ડ મેળવ્યો.
– અમિતક્રુષણ હરિયાણાની મુખ અને શ્રવણ અશક્ત લોકોના કલ્યાણ માટેની હરિયાણા વાણી અને શ્રવણ નિશક્તજન કલ્યાણ સમિતિના વિદ્યાર્થી છે.
– હરિયાણામાં આ સમિતિના ૮ કેન્દ્રો કાર્યરત છે.

પ્રશ્નો :
૧ ભારતનું પ્રથમ રોબોટ દુરબીન ક્યાંથી લોન્ચ કરવામાં આવ્યું ?
– લદ્દાખના હનલ ખાતેથી
૨ ભારતના ગૃહમંત્રીનું નામ જણાવો ?
– રાજનાથસિંહ
૩ મેંગોલિયાની રાજધાનીનું નામ જણાવો ?
– ઉલાનબટોર
૪ ભારતીય સ્ટેટ બેંકના નવા એમ.ડી. નું નામ જણાવો ?
– અરિજિત બસુ
૫ ભારતીય સ્ટેટ બેંકની સ્થાપના ક્યારે થઇ હતી ?
– ૧ જુલાઇ ૧૯૫૫
૬ મહારાષ્ટ્રે પ્લાસ્ટિક અને થરમોકોલ પર પ્રતિબંધ ક્યારથી મુક્યો ?
– ૨૪ જુન–૨૦૧૮
૭ તાજેતરમાં બેસ્ટ પર્ફોમિંગ સેક્ટર મિનિસ્ટ્રી એવોર્ડ કયાં મંત્રાલયને એનાયત થયો ?
– મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
૮ પાંચમી વિશ્વ બધિર દુશ્તી ચેમ્પિયનશીપનું આયોજન કયાં થયું હતું ?
– રૂસમાં
૯ અમિત કૃષણ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
– કુશ્તી

Vivekanand Academy Gandhinagar

**25.June 2018**

**(૧) વડાપ્રધાન મોદીની મન કી બાત :**

- ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪૫મી મન કી બાત સંબોધી.
- દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબોધે છે.
- વડાપ્રધાન મોદીએ પ્રથમ વખત ૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મન કી બાત થી દેશનું સંબોધન કર્યું હતું.
- આ કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો (AIR) અને દુરદર્શન પર પ્રસારિત કરવામાં આવે છે.

**મન કી બાતના મહત્વના અંશો :**

- મોદીએ ક્રિકેટ, મુખરજી, યોગ, ડોક્ટરો અને પ્રકાશ પર્વ પર મનની વાત કરી.
- ૨૦૧૯માં ગુરુનાનક દેવનો ૫૫૦ મું પ્રકાશ પર્વ ઊજવાશે.
- જુલાઇ ડોક્ટર્સ ડે તરીકે ઊજવાય છે, પી.એમે આ પ્રસંગે દેશના ડોક્ટરોને અભિનંદન પાઠવ્યા.
- બેંગલુરૂમાં કોર્પોરેટ, આઇટી એન્જિનિયર્સે ખેડૂતોની આવક બમણી કરવા માટે એક સમૃદ્ધિ ટ્રસ્ટ બનાવ્યું છે. આ લોકો ખેડૂતો સાથે જોડાતા ગયા. યોજનાઓ બનાવતા ગયા અને ખેડૂતોની આવક બમણી કરવા માટે સફળ પ્રયાસ કરી રહ્યાં છે.
- અનેક ગામોમાં પુત્રીઓ કોમન સર્વિસ સેન્ટરના માધ્યમથી વૃદ્ધોની પેન્શનલથી લઇને પાસપોર્ટ બનાવી રહી છે.
- છત્તીસગઢની એક બહેન સીતાફળ એકત્ર કરીને તેની આઇસ્ક્રીમ બનાવી વ્યવસાય કરે છે.
- ઝારખંડમાં અંજન પ્રકાશની જેમ દેશના લાખો યુવાનો ગામોમાં જઇને સસ્તી દવાઓ પૂરી પાડી રહ્યાં છે.

**(૨) દેશનો પ્રથમ વિશ્વનો બીજો યુવાન ગ્રાન્ડમાસ્ટર બન્યો : પ્રજ્ઞાનંદ**

- ભારતનો પ્રજ્ઞાનંદ દેશનો પ્રથમ અને વિશ્વનો બીજો સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર બન્યો છે.
- પ્રજ્ઞાનંદની ઉંમર ૧૨ વર્ષ, ૧૦ મહિના અને ૧૩ દિવસ છે અને તેણે ઇટાલીમાં ચાલી રહેલી ગ્રેનડાઇન ઓપનની ફાઇનલમાં પહોંચીને આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.
- પ્રજ્ઞાનંદએ ગ્રાન્ડમાસ્ટર પુજસર્સ રોલેન્ડ સાથે આ સિદ્ધિ મેળવી હતી.
- ચેન્નાઇનો પ્રજ્ઞાનંદ ફાઇનલમાં ક્રુસજર્સ રોલેન્ડ સામે બાજી રમશે.
- ૮માં રાઉન્ડમાં ગ્રાન્ડમાસ્ટર મોરોનીલિકા જુનિયરને હરાવ્યા બાદ પ્રજ્ઞાનંદને પોતાનું ત્રીજું ગ્રાન્ડમાસ્ટર ધોરણ
- પ્રાપ્ત કરવા માટે ૨૪૮૨ રેટિંગ કરતાં વધુ રેટિંગ ધરાવતા ખેલાડી વિરૂદ્ધ ગેમ રમવાની હતી.
- યુક્રેનના સેર્ગેઇ કાર્ઝાકિન અત્યાર સુધીના સૌથી નાની વયના ગ્રાન્ડ માસ્ટર છે.

**(૩) કટોકટીના ૪૩ વર્ષ પૂર્ણ :**

- ૨૫ જૂન ૧૯૭૫ના દિવસે ઇન્દિરા ગાંધી સરકારની સલાહના આધારે રાષ્ટ્રપતિ ફખરૂદ્દીન અલી અહેમદે દેશમાં કટોકટી લગાવી દીધી હતી.
- તેની સાથે જ દેશમાં લોકોના જનતાંત્રિક અને મૂળભૂત અધિકારો સસ્પેન્ડ કરી દેવાયા હતા.
- ભારતીય સંવિધાન ધારા ૩૫૨ અંતર્ગત કટોકટી કાળ (આપાતકાળ) ની ઘોષણા કરી હતી.
- ભારત દેશના ઇતિહાસમાં આ સમયને સૌથી વધારે વિવાદાસ્પદ સમય માનવામાં આવે છે.
- અખબારો અને સમાચારના તમામ માધ્યમો અને સેન્સરશિપ લાગુ કરાઇ હતી.
- દેશના તમામ વિપક્ષી દળોના નેતાઓ અટલ બિહારી વાજપેયી, જયપ્રકાશ નારાયણ, જ્યોર્જ ફર્નાન્ડિઝ, જેબીકૃપલાણી અને ચરણસિંહ સહિત અનેક લોકોની ધરપકડ કરી લેવાઇ હતી.
- રાજકીય વિશ્લેષકો આ કટોકટી પાછળ અલ્હાબાદ હાઇકોર્ટના એ નિર્ણયને જુએ છે જેમાં ઇન્દિરાના રાયબરેલીથી ચૂંટણીને રદ કરી તેમને છ વર્ષ માટે ચૂંટણી લડવા માટે અયોગ્ય જાહેર કરી દેવાયા હતા.
- કટોકટી ૨૧ માર્ચ ૧૯૭૭ના રોજ પુરી થઈ હતી.

**(૪) ઉલાનબાતર કપમાં ભારતે એક ગોલ્ડ સહિત ૯ મેડલ જીત્યા**

- ભારતીય બોક્સિંગટીમે મોંગોલિયામાં રમાયેલા ઉલાનબાતર કપમાં એક ગોલ્ડ ૩ સિલ્વર, ૪ બ્રોન્ઝ મેડલ જીત્યા.
- ભારતના બોક્સર મનદીપ જાંગડાએ ૬૯ કિગ્રા વર્ગમાં મોંગોલિયાના બ્યાબાને હરાવીને ગોલ્ડ જીત્યો.
- મહિલા વર્ગ – સોનિયા લાથર (૫૭ કિ.ગ્રા) લોવલિના બોરઘોહાઇન (૬૯ કિ.ગ્રા)
- પુરૂષ વર્ગ– હિમાંશુ શર્મા ( ૪૯ કિ.ગ્રા.) એતાશ ખાન ( ૫૬ કિ.ગ્રા)
- બ્રોન્ઝ મેડલ વિજેતા ખેલાડી : મહિલા વર્ગ : બીનાદેવી કોઇ જામ (૪૮ કિ.ગ્રા.)
- પુરૂષ વર્ગ – શિવથાપા (૬૦ કિ.ગ્રા) વાનહલિ મપુઇયા (૭૫ કિ.ગ્રા.) આશીષ (૬૪ કિ.ગ્રા.)

**(૫) સાઉદી અરબનો ઐતિહાસિક નિર્ણય :**

- સાઉદી અરબ સરકારે મહિલાઓને ડ્રાઇવીંગ કરવા માટે પરવાનગી આપવી.
- અત્યાર સુધી સાઉદી મહિલાઓ જાતે કાર ડ્રાઇવ કરી શક્તી ન હતી.
- સાઉદીના રાજા પ્રિન્સ મહંમદ બીન સલમાને સાઉદીની મહિલા પરનો ઇસ્લામી કાયદાઓ અંતર્ગતનો આ પ્રતિબંધ હટાવ્યો.
- આ મહત્વપૂર્ણ નિર્ણય પ્રિન્સ મહંમદ બિન સલમાનના વિઝન ૨૦૩૦ નો એકભાગ છે.
- પ્રિન્સ સલમાને ૨૦૩૦ સુધીમાં સાઉદી અરેબીયન અર્થતંત્રને તેલ પરથી નિર્ભયતા મુક્ત કરવા માંગે છે.
- રાજધાની : રિયાધ

**(૬) વડાપ્રધાન મોદીએ ગ્રીન લાઇન મેટ્રો સેવાનું ઉદ્દઘાટન કર્યું :**

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૪ જૂનના રોજ વિડીયો કોન્ફોરન્સના માધ્યમથી ગ્રીન લાઇન મેટ્રો સેવાનું ઉદ્દઘાટન કર્યુ.
- ૧૧.૨ કી.મી.ના મુંડકા – બહાદુરગઢ ગ્રીન લાઇન સેક્સનમાં મુંડકાથી ગેટ વે ઓફ હરિયાણા ગણાતા બહાદુરગઢ સુધી મેટ્રો સેવા ૨૪ જૂનના રોજ શરૂ થઇ.
- ગુરૂગ્રામ અને ફરીદાબાદ પછી દિલ્હી મેટ્રો સાથે જોડાયેલ આ ત્રીજી જગ્યા છે.

Vivekanand Academy Gandhinagar

**(૭) આતંકવાદ વિરોધપર ભારત ઓસ્ટ્રેલિયાની ૧૦ મી બેઠક**

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે ભારત અને ઓસ્ટ્રેલિયા આંતકવાદ પર સંયુક્ત કાર્યવાહી માટે ૧૦ મી બેઠક મળી.
- આ બેઠકનું નેતૃત્વ શ્રી મહાવીર સંઘ સિંઘવીએ કર્યુ હતું. તેઓ આંતકવાદ વિરોધના સંયુક્ત સચિવ છે.
- ઓસ્ટ્રેલીયા તરફથી શ્રી પોલ ફોલે નેતૃત્વ કર્યું હતું.
- આંતકવાદ વિરોધ પર સંયુક્ત કાર્યકારી દળની આગામી બેઠક ૨૦૧૯ માં ઓસ્ટ્રેલીયા ખાતે યોજાશે.

**(૮) મુખ્યમંત્રી ઓફ ધ યર :**

- રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેને ઇ- ગવર્નન્સ ક્ષેત્રે ઉલ્લેખનીય કાર્ય બદલ સ્કોચ દ્વારા મુખ્યમંત્રી ઓફ ધ યરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.
- શ્રીમતિ વસુંધરા રાજેને તાજેતરમાં નવી દિલ્હી ખાતે ક્રાંસ્ટ્રીટ્યુશન ક્લબ ખાતે આ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા
- કેન્દ્રીય મંત્રી વિરેન્દ્રસિંહ ચૌધરીની ઉપસ્થિતિમાં પરમાં સ્કોચ સમિટ 'વન નેશન વન પ્લેટફોર્મ' અંતર્ગત સન્માનીત કરવામાં આવ્યા.

**(૯) મેડમ તુષાદ મ્યુઝિયમમાં બાબા રામદેવની પ્રતિમા મુકવામાં આવશે :**

- યોગગુરૂ બાબા રામદેવની મીણની પ્રતિમા મેડમ તુષાદ મ્યુઝિયમ ખાતે મૂકવામાં આવશે.
- સ્વામી વિવેકાનંદ બાદ બાબા રામદેવ એવા બીજા સંત છે, જેની પ્રતિમા મેડમ તુષાદ મ્યુઝિયમમાં મૂકવામાં આવશે.
- મેડમ તુષાદ મ્યુઝિયમમાં મહાત્મા ગાંધી, ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, નરેન્દ્ર મોદી, સચિન તેડુંલકર, વિરાટ કોહલી, અમિતાભ બચ્ચન, સલમાન ખાન, ઐશ્વર્યા રાય, શાહરૂખ ખાન જેવી હસ્તીઓની પ્રતિમા રાખવામાં આવી છે.
- મેડમ તુષાદ મ્યુઝિયમ લંડનનું મીણની મૂર્તિઓ વાળું એક વિશાળ સંગ્રહાલય છે. જેની સ્થાપના મીણ શિલ્પકાર મેરી તુષાદે વર્ષ ૧૮૩૫માં કરી હતી.
- આ મ્યુઝિયમની દુનિયાના ઘણા મોટા શહેરોમાં શાખાઓ આવેલી છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં મોદીએ કેટલામી મન કી બાત સંબોધી ?
- ૪૫ મી

૨ ૨૦૧૯માં ગુરૂનાનક દેશનું કેટલામું પ્રકાશ પર્વ ઉજવાશે ?
- ૫૫૦ મું

૩ દેશનો પ્રથમ યુવા ગ્રાન્ડમાસ્ટર કોણ બન્યો ?
- પ્રજ્ઞાનંદ

૪ દેશમાં લાદેલ કટોકટીને કેટલા વર્ષ પૂર્ણ થયા ?
- ૪૩ વર્ષ

૫ ઉલાનબાતર કપ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- બોક્સિંગ

૬ તાજેતરમાં કયા દેશે મહિલાઓને ડ્રાઇવિંગ માટે પરવાનગી આપી ?
- સાઉદી અરબ

૭ સાઉદી અરબની રાજધાનીનું નામ જણાવો ?
- રિયાધ

૮ તાજેતરમાં ગ્રીન લાઇન મેટ્રો સેવાનું ઉદ્દઘાટન કોણે કર્યું ?
- શ્રી નરેન્દ્ર મોદી

૯ મુખ્યમંત્રી ઓફ ધ યરનો એવોર્ડ કોને એનાયત થયો ?
- રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે

## 26.June 2018

**(૧) સૂર્યશક્તિ કિસાન યોજના :**

- રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઇ પટેલ દ્વારા ગાંધીનગર ખાતે સૂર્યશક્તિ કિસાન યોજનાની ઘોષણા કરવામાં આવી.
- આ યોજના વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંકલ્પ પરનું રાજ્ય સરકારનું એક કદમ છે.
- સૂર્યશક્તિ કિસાન યોજના –SKY અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ તરીકે રાજ્યના તમામ ૩૩ જિલ્લાના ૧૩૭ ફિડરનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- યોજના અંતર્ગત ખેડૂતોને તેમના ખેતરમાં સૌરઉર્જાથી વીજ ઉત્પાદન મેળવવા સોલર પેનલ આપવામાં આવશે.
- સોલર પ્લાન્ટ લગાવવા ખેડૂતને કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી ૬૦% સબસિડી અને રાજ્ય સરકાર દ્વારા ૩૫% રકમ સસ્તા વ્યાજદરે લોન પેટે આપશે.
- રાજ્યના ખેડૂતો વધારાની વીજળી વીજ કંપનીને વેચી શકશે જેના દ્વારા તેમની આવક ૨૦૨૨ સુધીમાં બમણી થશે.
- પ્રથમ ૭ વર્ષ સુધી યુનિટ ગ્રીડમાં આવતી વીજળીના યુનિટ દીઠ રૂા. ૭ ખેડૂતોને ચૂકવવામાં આવશે.
- યોજનાથી ખેડૂતોને વીજ બિલમાં રાહત મળશે અને તેમને કાયમી આવક મળશે.
- યોજના અંતર્ગત લાભાર્થી ખેડૂતોને ૧૨ કલાક વીજળી મળશે.
- આ યોજનાનો અમલ કરવામાં ગુજરાત રાજ્ય ભારતભરમાં પ્રથમ સ્થાને થયું.
- ઉર્જામંત્રી – શ્રી સૌરભ પટેલ

**(૨) ધ ગીર :**

- અમદાવાદના સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટના ડોમેસ્ટિક ટર્મિનલ – ૧ પર લગભગ ૧૧ હજાર ચોરસ ફૂટ એરિયામાં ગીર જંગલ અને તેમા વસતા પ્રાણીઓની પ્રતિકૃતિ ' ધ ગીર' તૈયાર કરવામાં આવ્યું છે.
- એરપોર્ટ પર એરાઇવલ લોંજમાં મૂકવામાં ઇન્ટરએક્ટિવ મીડિયાના ઉપકરણની મદદથી ગીરના જંગલમાં સાંભળવા મળી સિંહોની ત્રાડ અને પક્ષીઓનો અવાજ પણ પ્રવાસીઓને સાંભળવા મળશે.
- એશિયાટિક સિંહોને કારણે એરપોર્ટ પર ગુજરાતની ઓળખને પ્રતિબિંબિત કરનાર આ ગીરને રિલાયન્સના કોર્પોરેટ અફેર્સ વિભાગના ગ્રુપ પ્રેસિડેન્ટ પરિમલ નથવાણી અને અમદાવાદના પૂર્વના સાંસદ પરેશ રાવલ દ્વારા ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.
- દેશમાં પહેલીવાર કોઇપણ એરપોર્ટ પર આ રીતે એશિયાટિક સિંહો સાથે જંગલની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી છે.

Vivekanand Academy Gandhinagar

- જેમાં સિંહ ઉપરાંત ચિત્તા, કાળિયાર, ચીતલ, અજગર, વગેરે પ્રાણીઓ તેમજ વિવિધ પક્ષીઓની પૂર્ણ કદની પ્રતિકૃતિ મૂકી છે.
- પ્રસિદ્ધ ગીરનું જંગલ સુકા ઘાસથી છવાયેલું છે ત્યારે એરપોર્ટ પર મૂકવામાં આવેલી પ્રતિકૃતિમાં પણ કૃત્રીમ સુકા ઘાસનો ઉપયોગ કરી ગીરના મૂળ જંગલ જેવું વાતાવરણ તૈયાર કરવામાં આવ્યું છે.
- ગીરના જંગલની તાદ્દશ્ય અનુભૂતિ કરાવતા આ ગીરની પ્રતિકૃતી પારદર્શી કાચની પેનલોમાંથી ડોમેસ્ટિક ટર્મિનલમાં એરાઇવલ અને ડિપાર્ચર બંને વિભાગમાંથી જોઇ શકાશે.

**(૩) આઇફા – ૨૦૧૮**

- ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર (IIFA)–૨૦૧૮ નું આયોજન થાઇલેન્ડના બેન્કોક ખાતે થયું હતું. આ વખતે આઇફાનો આ ૧૯ મો સમારોહ હતો.
- આઇફાની શરૂઆત વર્ષ ૨૦૦૦માં થઇ હતી. જેનું આયોજન લંડન ખાતે થયું હતું.
- આઇફાના ૧૯ મા સમારોહને કરણ જોહર તથા રિતેશ દેશમુખ દ્વારા હોસ્ટ કરવામાં આવ્યો હતો.

**મહત્વપૂર્ણ એવોર્ડ :**

બેસ્ટ ફિલ્મ : તુમ્હારી સુલુ
બેસ્ટ અભિનેત્રી : શ્રી દેવી (મરણોત્તર)
બેસ્ટ એક્ટર : ઇરફાન ખાન
બેસ્ટ ડાયરેક્ટર : સાકેત ચૌધરી
બેસ્ટ સ્ટાઇલ આઇકોન : ક્રીતી સેનોન
આઇટસ્ટેન્ડિંગ અચિવમેન્ટ ઇન ઇન્ડિયન સિનેમા : અનુપમ ખેર

**પ્રશ્નો :**

૧ ગુજરાતના ઉર્જામંત્રીનું નામ જણાવો ?
- સૌરભ પટેલ

૨ સુર્યશક્તિ કિસાન યોજના અમલ કરનાર પ્રથમ રાજ્ય જણાવો ?
- ગુજરાત

૩ IIFA-2018 નું આયોજન ક્યાં થયું હતું ?
- થાઇલેન્ડના બેન્કોક ખાતે

૪ IIFA આપવાની શરૂઆત ક્યારથી થઇ હતી ?
- ૨૦૦૦

૫ IIFA-2018આ વખતનો ક્રમ જણાવો ?
- ૧૯ મો

૬ IIFA-2018 નો બેસ્ટ અભિનેત્રીનો એવોર્ડ કોને એનાયત થયો ?
- શ્રી દેવી (મરણોત્તર)

## 27.June 2018

**(૧) તીરંદાજી : દીપિકાએ ૬ વર્ષ બાદ વર્લ્ડ કપ – ગ્રુપ–૩માં ગોલ્ડ જીત્યો :**

- ભારતીય તીરંદાજી દીપિકા કુમારીએ વર્લ્ડ કપ ગ્રુપ–૩ માં ગોલ્ડ મેડલ જીત્યો છે.
- તેણે ઇન્ડિવિડ્યુઅલ રિકર્વ ઇવેન્ટની ફાઇનલમાં જર્મનીની મિશેલ ક્રોપેનને ૭–૩ થી હરાવી.
- ૨૪ વર્ષની દીપિકાએ ૬ વર્ષ બાદ ગોલ્ડ મેડલ જીત્યો છે.
- આ સાથે જ તેણે ચાલુ વર્ષના અંતમાં યોજાનારી સર્કિટ ફાઇનલ માટે ક્વોલિફાય પણ કરી લીધું છે.
- પૂર્વ નંબર ૧ તીરંદાજ દીપિકા તુર્કીમાં યોજાનાર વર્લ્ડ કપ તીરંજદાજી ફાઇનલમાં ૭ મી વખત ભાગ લેશે.
- દીપિકાએ આ અગાઉ ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૫માં વર્લ્ડકપ તીરંજદાજી ફાઇનલમાં ૭મી વખત ભાગ લેશે.
- તેણે છેલ્લે ૨૦૧૨માં તુર્કીનાં અંતાલ્યામાં વર્લ્ડ કપ સ્ટેજ ઇવેન્ટમાં ગોલ્ડ જીત્યો હતો.

**(૨) અમદાવાદની એલાવેનિલે જુનિયર શૂટિંગ વર્લ્ડ કપમાં બીજો ગોલ્ડ મેડલ જીત્યો :**

- અમદાવાદની એલાવેનિલ વેલારિવને જર્મનીના સુહલ શહેરમાં ચાલી રહેલા જુનિયર શૂટિંગ વર્લ્ડ કપમાં ૧૦મી. એર રાઇફલ ઇવેન્ટમાં સતત બીજો ગોલ્ડ જીત્યો છે.
- ચીનની ઝેરુ વાંગે સિલ્વર અને ચાઇનિઝ તાઇપેઇની યુંગ શિનલીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- ૧૮ વર્ષની એલા વેનિલે ફાઇનલમાં ૨૫૧.૭ નો સ્કોર બનાવ્યો હતો.
- આ સાથે એલા વેનિલે ટીમ ઇવેન્ટમાં પણ શ્રેયા અગ્રવાલ અને ઝીના ખિટ્ટા સાથે સંયુક્તથ રીતે ૧૮૭૧ના સ્કોર સાથે ભારત માટે બ્રોન્ઝ જીત્યો હતો.
- આ ઇવેન્ટમાં ભારતે અત્યાર સુધી ૭ મેડલ જીત્યા છે, જેમાં ૩ ગોલ્ડ, એક સિલ્વર અને ૩ બ્રોન્ઝનો સમાવેશ થાય છે.

**(૩) સેશલ્સે ભારતને ફરી તેની જમીન પર નેવલ બેઝની મંજૂરી આપી :**

- ભારત સેશલ્સના એઝમ્પશન આઇલેન્ડ પર નૌકાદળ અડ્ડાનો પ્રોજેક્ટ ચાલુ રાખશે.
- સેશલ્સના રાષ્ટ્રપતિ ડેની ફાઉરના ભારતના પ્રવાસ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.
- ડેની ફાઉરેએ ભારતને તેમની જમીન પર નૌકાદળને અડ્ડો બનાવવાની ફરી મંજૂરી આપી દીધી છે.
- સેશલ્સની આ સંમતિ ઘણી જ મહત્વની છે, કારણ કે થોડા દિવસ પહેલાં તેણે જૂની સમજૂતી રદ કરવાની જાહેરાત કરી હતી.
- ડેની ફાઉરે સાથે વાતચીત બાદ પીએમ મોદીએ કહ્યું કે અમે એકબીજાના અધિકારોની માન્યતાના આધાર પર એઝમ્પશન આઇલેન્ડ પ્રોજેક્ટ પર મળીને કામ કરવા માટે સંમત થયા છીએ.
- એમ્પશન આઇલેન્ડ પ્રોજેક્ટ પર ભારત અને સેશલ્સ એકબીજાના હિતોનું ધ્યાન રાખતા સાથે મળીને કામ કરશે.
- એમ્પશન આઇલેન્ડ સેશલ્સની રાજધાની વિક્ટોરિયાથી ૧૧૩૫ કિ.મી. દૂર દક્ષિણ – પશ્ચિમમાં છે. તે ૧૧.૬ કિ.મી. વિસ્તારમાં ફેલાયેલું છે. તેની સમુદ્રી સરહદ ૧૭ કિ.મી. છે.
- ૨૦૧૫માં તેના પર મિલિટ્રી બેઝ બનાવવા માટે ભારત અને સેશલ્સ વચ્ચે કરાર થયા હતા. પરંતુ સેશલ્સમાં વિપક્ષોના આંદોલન બાદ સરકારે કરાર રદ ની જાહેરાત કરી હતી.
- ભારતે ૨૦૧૬માં અહીં એક કોસ્ટ સર્વેલન્સસિસ્ટમ સ્થાપિત કરી હતી. પરંતુ આ પ્રોજેક્ટ પર અંદાજે ૩૭૪૭ કરોડનો ખર્ચ કરી રહ્યું છે.

**પ્રશ્નો :**

૧ દીપિકા કુમારીનું કાર્યક્ષેત્ર જણાવો ?

Vivekanand Academy Gandhinagar

– તીરંદાજ

૨ જુનિયર શુટિંગ વર્લ્ડકપ –૨૦૧૮નું આયોજન ક્યાં થયું હતું ?

– જર્મનીના સુહલ શહેર

૩ તાજેતરમાં ક્યાદેશે પોતાના જમીન પર ભારતના નેવલ બેઝની મંજુરી આપી ?

– સેશલ્સ

૪ સેશલ્સના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?

– ડેની ફાઉર

૫ સેશલ્સની રાજધાની જણાવો ?

– વિક્ટોરીયા

૬ સેશલ્સમાં મિલિટ્રી બેઝ બનાવવા ભારત– સેશલ્સ વચ્ચે કરાર ક્યારે થયા હતા ?

– ૨૦૧૫

૭ ભારતે સેશલ્સમાં કોસ્ટ સર્વેલન્સ સિસ્ટમ ક્યારે સ્થાપિત કરી હતી ?

– ૨૦૧૬

## 28.June 2018

### (૧) ભારતની ૧૦૦ મી ટી–૨૦ મેચ :

– ભારતીય ક્રિકેટ ટીમ આયર્લેન્ડની ધરતી પર ૧૧ વર્ષ બાદ કોઇ આંતરરાષ્ટ્રીય મેચ રમી.

– વિરાટની આગેવાનીમાં ટીમ ઇન્ડિયા ૨૭ જૂનના રોજ યજમાન વિરૂદ્ધ બે ટી–૨૦ મેચની સીરિઝની પ્રથમ મેચ રમી.

– ટી–૨૦ ફોર્મેટની ભારતની આ ૧૦૦ મી મેચ છે. અત્યાર સુધી ૬ ટીમ ૧૦૦ કે તેનાથી વધુ ટી–૨૦ મેચ રમી ચૂકી છે. આ સીરિઝ બાદ ભારતનો ઇંગ્લેન્ડ પ્રવાસ શરૂ થઇ જશે.

– આ વર્ષની શરૂઆતમાં થયેલા દક્ષિણ આફ્રિકા પ્રવાસ બાદ ભારતીય ટીમ બીજી વખત મોટી સીરિઝ રમવા જઇ રહી છે.

– ભારત અને આયર્લેન્ડ વચ્ચે અત્યાર સુધી ૪ ઇન્ટરનેશનલ મેચ રમાઇ છે.

– જેમાં ૨૦૧૧ અને ૨૦૧૫ વન–ડે વર્લ્ડ કપ ઉપરાંત ૨૦૦૯માં ટી–૨૦ વર્લ્ડ કપમાં બંને ટીમ ટકરાઇ હતી. બંને ટીમ વચ્ચે ૨૦૦૭માં આયર્લેન્ડમાં એક વનડે પણ રમાઇ હતી.

– પ્રથમ ટી–૨૦ માં ભારતે આયર્લેન્ડને ૭૬ રને હરાવ્યું હતું. ભારતે પ્રથમ બેટિંગ કરતાં ૫ વિકેટ ૨૦૮ રન બનાવ્યા હતાં.

– તેના જવાબમાં આયર્લેન્ડની ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૧૩૨ રન જ બનાવી શકી હતી.

સૌથી વધુ ટી–૨૦ મેચ રમનારી ટોપ–૭ ટીમ

| ટીમ | મેચ | જીત | હાર | ડ્રો | પરિણામ નહીં | |
|---|---|---|---|---|---|---|
| પાકિસ્તાન | ૧૨૮ | ૭૯ | ૪૬ | ૩ | ૦ | |
| ન્યૂઝીલેન્ડ | ૧૧૧ | ૫૪ | ૪૯ | ૫ | ૩ | |
| શ્રીલંકા | | ૧૦૮ | ૫૪ | ૫૨ | ૧ | ૧ |
| દ.આફ્રિકા | ૧૦૩ | ૬૦ | ૪૨ | ૦ | ૧ | |
| ઓસ્ટ્રેલિયા | ૧૦૦ | ૫૩ | ૪૪ | ૨ | ૧ | |
| ઇંગ્લેન્ડ | ૧૦૦ | ૪૭ | ૪૮ | ૧ | ૪ | |
| ભારત | | ૧૦૦ | ૬૨ | ૩૫ | ૧ | ૨ |

### (૨) દિવ્યાંગ ખેલો ઇન્ડિયા :

– કેન્દ્ર સરકાર દ્વારા ખેલો ઇન્ડિયાની જેમ જ માનસિક ક્ષતિ ધરાવતાં ખેલાડીઓ માટે ગાંધીનગરની ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (સાઇ) ખાતે દિવ્યાંગ ખેલો ઇન્ડિયાનું આયોજન કરાયું છે.

– તેની સંપૂર્ણ જવાબદારી સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ભારત–ગુજરાતને આપવામાં આવી છે.

– ખેલો ઇન્ડિયા (દિવ્યાંગ) માં ઍથ્લેટિક્સ, બેડમિન્ટન, એક્વાટિક, બોસ્સે, ફૂટબોલ તથા યુનિફાઇડ ફૂટબોલ અને ટેબલ ટેનિસની રમતની બોયસ અને ગર્લ્સની વિવિધ કેટેગરીમાં ૩૮ સ્પર્ધાઓ યોજાશે.

– સાઇ ખાતે ઍથ્લેટિક્સ, બેડમિન્ટન અને એક્વાટિક સ્પર્ધા યોજાશે. જ્યારે બોસે, ફૂટબોલ અને ટેબલટેનિસ ૬ થી ૮ જુલાઇ દરમિયાન ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે યોજાશે.

– સાઇ ખાતે ઍથ્લેટિક્સ, બેડમિન્ટન અને એક્વાટિક સ્પર્ધા યોજાશે. જ્યારે બોસે ફૂટબોલ આને ટેબલટેનિસ ૬ થી ૮ જુલાઇ દરમિયાન ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે યોજાશે. ૧૦૫ ભાઇઓ અને ૬૩ બહેનો કોચ તરીકે જોડાશે.

### (૩) અમરનાથ યાત્રાની શરૂઆત :

– દર વર્ષે જેઠ મહિનાની પુનમના દિવસે શરૂ થનારી અમરનાથ યાત્રા શ્રાવણ માસની પુનમના દિવસે પૂર્ણ થાય છે.

– આ વખતે યાત્રા ૨૮ જૂનથી થઇને ૨૬ ઓગસ્ટ એટલે કે રક્ષાબંધનના દિવસ સુધી ચાલશે.

– રોમાંચથી ભરપૂર આ યાત્રા માટે અત્યાર સુધી દેશભરમાંથી ૨.૧ લાખથી વધારે શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

– હર હર મહાદેવના નાદ સાથે દરરોજ ૧૫ હજાર શ્રદ્ધાળુઓ યાત્રાનો લાભ લેશે.

– અમરનાથ તીર્થયાત્રા હિન્દુઓના મહત્વપૂર્ણ તીર્થસ્થળ પૈકીની એક હોવાનું માનવામાં આવે છે.

– અમરનાથ ગુફા દક્ષિણ કાશ્મીરના હિમાલયના વિસ્તારમાં છે જે શ્રીનગરથી ૧૪૧ કિ.મી. દૂર છે, આ ગુફા ૧૨,૭૫૬ ફૂટની ઉંચાઇ પર છે.

– આ તીર્થયાત્રા જમ્મુ – કાશ્મીર અમરનાથજી તીર્થસ્થળ અધિનિયમ ૨૦૦૦ અંતર્ગત ગઠિત અમરનાથ તિર્થસ્થળ અધિનિયમ ૨૦૦૦ અંતર્ગત ગઠિત અમરનાથ તીર્થસ્થળ બોર્ડ દ્વારા આયોજિત કરવામાં આવે છે.

– આ યાત્રાનો લાભ ૧૪ થી ૭૪ વર્ષના લોકો જ લઇ શકે છે.

### (૪) UGC નો અંત :

– ભારતમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા મોદી સરકારનું નવું પગલું.

– અગાઉ વર્ષ ૨૦૧૪માં મોદી સરકારે નીતિ ઘડવા માટે આયોજન પંચના સ્થાને નીતિ આયોગની સ્થાપના કરી હતી. ૪ વર્ષ બાદ સરકારે શિક્ષણ પર નિયંત્રણ માટે નવા પંચની જાહેરાત કરી છે.

– કેન્દ્રિય સમિતિના પ્રસ્તાવ હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (UGC) નું નામ 'હાયર એજ્યુકેશન' કમિશન ઓફ ઇન્ડિયા' કરાશે.

– માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા UGC એક્ટ, ૧૯૫૬ાને રદ કરી તેના સ્થાને UGC એક્ટ – ૨૦૧૮નો મુસદ્દો ખરડો તૈયાર કરવામાં આવ્યો.

– આ કાયદાનો મુસદ્દા ખરડો માનવ સંશાધન વિકાસ મંત્રાલયની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરાયો.

Vivekanand Academy Gandhinagar

- આ અંગે મંત્રાલય દ્વારા દેશના શિક્ષણશાસ્ત્રીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાન્ય નાગરિકો પાસે ૭ જુલાઇ–૨૦૧૮ સુધીમાં સૂચનો આમંત્રિત કર્યા છે.
- મુસદ્દા ખરડા મુજબ 'હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઇન્ડિયા' માં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ સહિત ૧૪ સભ્યોની નિયુક્તિ કેન્દ્ર સરકાર દ્વારા કરાશે.
- કમિશનમાં માનવ સંશાધન, સ્કિલ ડેવલોપમેન્ટ, વિજ્ઞાન અને ટેક્નૉલોજી મંત્રાલયના સચિવો, એઆઇસીટીઇ અને એનસીટીઆઇના અધ્યક્ષ, બે વાઇસ ચાન્સેલર સહિતના સભ્યોની નિયુક્તિ કરાશે.
- નવા કાયદામાં કમિશનની ભંડોળ પુરી પાડવાની જવાબદારી ઘટાડવામાં આવશે.
- પ્રસ્તાવ મુજબ ...નું મુખ્ય કાર્ય યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક માપદંડો ઘટાડવા અને તેનો અમલ કરવાનો રહે છે.
- ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) અને નેશનલ કાઉન્સીલ ફોર ટીચર્સ એજ્યુકેશન (NCTI)નો HECIએક્ટમાં સમાવેશ કરાયો નથી. આ બંને સંસ્થાના નિયંત્રણ માટે અલગ કાયદા એઆઇસીટીઇ એક્ટ અને એનસીટીઆઇ એક્ટ અમલમાં છે.
- માનવ સંશાધન વિકાસ મંત્રી – શ્રી પ્રકાશ જાવડેકર

**(૫) ભારત મહિલાઓ માટે વિશ્વમાં સૌથી ખતરનાક દેશ :**

- તાજેતરમાં થોમસ રોઇટર્સ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલ એક આંતરરાષ્ટ્રીય સર્વે મુજબ ભારત મહિલાઓની સુરક્ષાના માલે વિશ્વનો સૌથી ખતરનાક દેશ છે.
- જાતિય શોષણ અને બળજબરીથી કામ કરાવવાને લીધે આ સ્થિતિ સર્જાય છે. મહિલાઓ સંબંધી ૫૪૮ નિષ્ણાંતોના મત પરથી આ રિપોર્ટ મુજબ ભારત મહિલાઓની ખરાબ સુરક્ષાના માલે ટોચે છે. રિપોર્ટમાં દિલ્હીના નિર્ભયા કેસનો પણ ઉલ્લખ કરાયો છે.
- ત્યારબાદ યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાન અને સીરિયા છે ત્યારબાદ સોમાલિયા અને સાઉદી અરબ છે.
- પશ્ચિમી દેશોમાં એકમાત્ર અમેરિકા ટોપ ટેનમાં છે. અમેરિકાને સંયુક્ત રીતે ત્રીજા સ્થાને રખાયો છે.
- અગાઉ ૨૦૧૧માં પણ આવો સર્વે થયો હતો. જેમાં અફઘાનિસ્તાન, કોન્ગો, પાકિસ્તાન, ભારત અને સોમાલિયાને મહિલાઓ માટે સૌથી ખતરનાક દેશ ગણાવાયા હતા.
- માનવ તસ્કરી મામલે પણ ભારત, લીબિયા અને મ્યાનમારને ખતરનાક ગણાવાયા છે. નાઇજિરિયા અને રશિયા સંયુક્ત રીતે ચોથા ક્રમે છે.

**(૬) જુનિયર શૂટિંગ વર્લ્ડકપ – મનુ ભાકર :**

- જર્મનીના સુહલમાં ચાલી રહેલા જુનિયર વર્લ્ડ કપમાં ભારતની યુવા શુટર મનુ ભાકર શાનદાર દેખાવ જારી રાખતાં ૧૦ મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં વર્લ્ડ રેકોર્ડમાં સાથે ગોલ્ડ મેડલ જીત્યો.
- ૧૬ વર્ષીય મનુએ ૨૪૨.૫ના સ્કોર સાથે ટોચનું સ્થાન મેળવ્યું. જ્યારે ભારતના અનીશ ભાનવાલા ૨૫ મીટર રેપિડ ફાયર પિસ્તોલ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો.
- મનુએ ચાલુ વર્ષમાં ઇન્ટરનેશનલ શુટિંગ સ્પોર્ટ્સ ફેડરેશનની ઇવેન્ટમાં કુલ સાતમો વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સાથે જ ત્રીજો વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો.
- મનુ અને મહિમા અગ્રવાલ અને દેવાંશી રાણાની ટીમે ટીમ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

પ્રશ્નો :

૧ ભારતે પોતાની ૧૦૦ મી ટી–૨૦૬ મેચ કયાં દેશ સામે રમી ?
– આયર્લેન્ડ
૨ ભારત અને આયર્લેન્ડ વચ્ચે કુલ કેટલી ઇન્ટરનેશનલ મેચ રમાઇ છે ?
– ૪
૩ દિવ્યાંગ ખેલો ઇન્ડિયાનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
– ગાંધીનગર.
૪ ખેલો ઇન્ડિયાનું આયોજન ક્યારથી થશે ?
– ૫ જુલાઇથી ૯ જુલાઇ ૨૦૧૮
૫ દર વર્ષે અમરનાથ યાત્રાની શરૂઆત ક્યારથી થાય છે ?
– જેઠ મહિનાની પુનમના દિવસે
૬ માનવ સંશાધન વિકાસ મંત્રીનું નામ જણાવો ?
– પ્રકાશ જાવડેકર
૭ મનુ ભાકર કઇ રમત સાથે સંકળાયેલ છે ?
– શુટીંગ

## 29.June 2018

**(૧) દિલ્હી એક એરપોર્ટ વિશ્વનુ ૧૬મું સૌથી વ્યસ્ત હવાઇમથક :**

- તાજેતરમાં એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલ (એસીઆઇ) નો વાર્ષિક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.
- એસીઆઇએ વિશ્વના ૧૨૦૦ એરપોર્ટ અંગે અભ્યાસ કરીને આ રિપોર્ટ તૈયાર કર્યો છે.
- દિલ્હીનું ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ (આઇજીઆઇ) એરપોર્ટ વિશ્વનું ૧૬ મું સૌથી વ્યસ્ત એરપોર્ટ બની ગયું છે. ગયા વર્ષે તે ૨૨ મા ક્રમે હતું.
- ૨૦૧૭માં દિલ્હી એરપોર્ટ પરથી ૬.૩ કરોડ લોકોએ મુસાફરી કરી.
- રિપોર્ટમાં દિલ્હી એરપોર્ટને વિશ્વનું સૌથી વધુ સંભાવનાઓ વાળું એરપોર્ટ ગણાવાયું છે.
- આઇજીઆઇ એરપોર્ટ પરથી મુસાફરી કરાનારાઓની સંખ્યામાં વાર્ષિક ૧૪.૧% ના દરે વધારો થઇ રહ્યો છે.
- જે દર વિશ્વના તમામ એરપોર્ટસમાં સૌથી વધુ છે રિપોર્ટમાં જણાવાયું છે કે ૫–૧૦ વર્ષમાં ભારત વિશ્વનું સૌથી મોટું એવિયેશન માર્કેટ બની શકે છે કેમ કે ભારતમાં વિમાનમાં મુસાફરી કરતા લોકોની સંખ્યા ૧૦ થી ૨૭ ટકાની ઝડપે વધી રહી છે.
- એટલાન્ટા હાર્ટ્સ ફીલ્ડ– જેક્સન એરપોર્ટને વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટ તરીકે પસંદ કરાયું છે. જ્યાંથી ૨૦૧૭માં ૧૦.૪ કરોડ લોકોએ મુસાફરી કરી, એટલાન્ટ ગયા વર્ષે પણ પ્રથમ ક્રમે હતું.
- ૯.૬ કરોડ પેસેન્જર સાથે ચીનનું બેઇજિંગ એરપોર્ટ બીજા ક્રમે છે.
- દુનિયાભરમાં હવાઇ મુસાફરી કરતા લોકોની સંખ્યામાં ૬.૬% નો વધારો થયો છે.

**(૨) ભારતીય પેરા સ્વિમરોએ ઇંગ્લિશ ચેનલ સર કરી**

- ભારતના ચાર પેરા સ્વિમરો (દિવ્યાંગ તરવૈયાઓ) ની ટીમે ૧૨ કલાક ૨૬ મિનિટમાં ઇંગ્લિશ ચેનલ તરી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો.

- આ સાથે જ ઇંગ્લિશ ચેનલ પાર કરનાર પ્રથમ એશિયન પેરાસ્વિમિંગ ટીમ બની.
- યુ.કે.ના ડાબર શહેરના સેમ્ફાયરથી ફ્રાન્સના ઓઢીગમ બીચ સુધીની સફર ૧૨ કલાક ૨૬ મિનિટમાં પૂર્ણ કરી.
- આ પેરા સ્વિમર ટીમમાં કેરલના જગદીશ તેલી, મધ્યપ્રદેશના સત્યેન્દ્રસિંહ, મહારાષ્ટ્રના ચેતન રાઉત, પશ્ચિમ બંગાળના રિમો શાહાનો સમાવેશ થાય છે.
- આ ટીમે ભારતીય સમય મુજબ બપોરે ૧૨.૩૦ કલાકે અટલાન્ટીક મહાસાગરમાં સફરની શરૂઆત કરી હતી, અને રાત્રે ૧૨.૩૬ કલાકે ઇંગ્લીશ ચેનલ પાર કરી હતી.

**(૩) વિદેશીઓ માટે ભારતનું સૌથી ખર્ચાળ શહેર–મુંબઇ:**

- વૈશ્વિક કન્સલ્ટિંગ કંપની મર્સર દ્વારા વિશ્વની પાંચ ખંડોના સૌથી મોંઘા ૨૦૯ શહેરોની યાદી બહાર પડાઇ.
- આ સર્વેક્ષણમાં સૌથી વધુ ખર્ચાળ શહેરોની યાદીમાં મુંબઇ ૫૫માં ક્રમે આવે છે.
- મુંબઇ પછીના સ્થાને ૧૦૩માં ક્રમે દિલ્હી અને ૧૪૪માં ક્રમે ચેન્નાઇ છે.
- વિશ્વના સૌથી વધુ ખર્ચાળ શહેરોમાં હોંગકોંગ પ્રથમ સ્થાને છે.

પ્રશ્નો :

૧ વિશ્વના વ્યસ્ત એરપોર્ટ માં દિલ્હીનો ક્રમ જણાવો ?
- ૧૬મો

૨ વિશ્વનું સૌથી વધુ વ્યસ્ત એરપોર્ટનું નામ જણાવો ?
- એટલાન્ટા હાર્ટ્સ ફીલડ્ – જેક્સન

૩ ભારતના ચાર પેરા સ્ટિમરોએ ઇંગ્લિશ ચેનલ કેટલા સમયમાં પાર કરી ?
- ૧૨ કલાક ૨૬ મિનિટ

૪ વિશ્વ પાંચ ખડોના સૌથી મોંઘા ૧૦૯ શહેરોની યાદીમાં મુંબઇનો ક્રમ જણાવો ?
- ૫૫ મો

૫ વિશ્વના સૌથી વધુ ખર્ચાળ શહેરોમાં પ્રથમ ક્રમે કયું શહેર રહેલું છે ?
- હોંગકોંગ

## 30.June 2018

**(૧) દેશમાં ૧૧૫ મહત્વકાંક્ષી જિલ્લામાં દાહોદ પ્રથમ ક્રમાંકે :**

- કેન્દ્ર સરકારના નીતિ આયોગે સર્વાંગી પરિવર્તન માટે મહત્વાકાંક્ષી (Aspirational) જિલ્લા તરીકે દેશના ૧૧૫ પછાત જિલ્લાઓનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો.
- જેમાં ગુજરાતના બે પછાત જિલ્લા દાહોદ અને નર્મદા પસંદ કરાયા હતા.
- આ યોજનાના મોનિટરિંગ માટે કેન્દ્ર સરકારે દાહોદ જિલ્લા માટે આઇએએસ રાજકુમારની નિયુક્તિ કરી હતી.
- દાહોદ જિલ્લામાં શિક્ષણ, આરોગ્ય અને પોષણ ખેતીવાડી, કૌશલ્ય વર્ધન અને નાણાકીય સમાવેશ અને મૂળભૂત સુવિધાઓમાં પાંચ મુખ્ય ક્ષેત્ર નક્કી કરાયા હતાં.
- જિલ્લાઓની પ્રવર્તમાન સ્થિતિ અને ઉપલબ્ધિઓ અંગે ઉંડું ચિંતન કરાયું હતું અને તેમાં ખુટતી કડીઓ સુવિધાઓની ઉપલબ્ધિ માટે કેન્દ્રિય નીતિ આયોગ દ્વારા સૂચવાયેલા જુદા જુદા ૪૯ જેટલા ઇન્ડીકેટર્સ મુજબ સમય બધ્ધ એક્શન પ્લાન ઘડી કાઢવાના આદેશ અપાયા હતાં.
- દિશા – નિર્દેશો મુજબ 'ટીમ દાહોદે' ટ્રાન્સફોર્મેશન ઓફ એસ્પાય રેશનલ ડિસ્ટ્રીક્ટ – દાહોદનો ૨૦૧૮ થી ૨૦૨૨ નો એક્શન પ્લાન ઘડી કાઢ્યો હતો.
- મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં રાજ્યના દાહોદ સાથે નર્મદા જિલ્લાની પસંદગી પણ થઇ હતી.
- ત્યારે નર્મદા જિલ્લો આ સ્પર્ધામાં ૧૧ ડેલ્ટા રેન્ક મેળવીને દેશમાં ૧૩માં ક્રમે રહ્યો હતો.

**(૨) ઇલેક્ટોરલ બોન્ડ યોજના – ૨૦૧૮ :**

- કેન્દ્ર સરકારે ઇલેક્ટોરલ બોન્ડ વેચવા માટે ચોથા તબક્કાની જાહેરાત કરી છે.
- દાન દાતા આ બોન્ડ ... ની શાખા મારફતે ખરીદી કોઇપણ પક્ષને દાન આપી શકશે.
- રાજકીય પક્ષો આ દ્વારા જમા થયેલા બોન્ડની રકમ તે જ દિવસે ખાતામાં જમા થશે.
- ગયા લોકસભા અથવા વિધાનસભાની ચુંટણીમાં ૧ ટકા થી વધારે મત મેળવનાર પાર્ટીને આ બોન્ડ વડે દાન મળી શકશે.
- ઇલેક્ટોરલ બોન્ડ ખરીદીના ૧૫ દિવસ સુધી માન્ય રહેશે.

**(૩) ગુમ થયેલાં બાળકોને શોધવા માટે એપ લોન્ચ કરાઇ :**

- કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુએ રિયુનાઇટ નામની મોબાઇલ એપ લોન્ચ કરી છે.
- આ કારણે દેશમાં ગુમ થયેલા બાળકોની તપાસ સરળ બનશે.
- બચપન બચાવો આંદોલન નામની એનજીઓના સહયોગથી આ એપ તૈયાર કરાઇ છે.
- બચપન બચાવો આંદોલનએ બાળકોની સુરક્ષા કરતું ભારતનું સૌથી મોટું આંદોલન છે.
- બચપન બચાવો આંદોલનના સ્થાપક – કૈલાશ સત્યાર્થી

**(૪) સૌર ચરખા મિશન :**

- ૨૭ જૂન ૨૦૧૮ના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવતા એમ.એસ.એસ. ઇ. દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદએ 'સૌર ચરખા' મિશન લોન્ચ કર્યું.
- આ મિશનનો મુખ્ય હેતુ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (એમએસએમઇ) દ્વારા થયેલ અર્થતંત્રની આર્થિક ભૂમિકામાં વધારો કરવાનો છે.
- આ મિશનની શરૂઆત કારીગરોને રોજગાર આપવા માટે કરવામાં આવી છે.
- સૌર ચરખા મિશનમાં દેશભરની ૫ કરોડ મહિલા જોડાશે.
- રાષ્ટ્રપતિએ એમએસએમઇ મંત્રાલયના 'સંપર્ક' નામના પોર્ટલની પણ શરૂઆત કરી.
- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (એમએસએમઇ) GDPનો માં 8 ટકા હિસ્સો રહેલો છે.

**(૫) આઇ પ્લેજ ફોર ૯ અચિવર્સ એવોર્ડ :**

- સ્વાસ્થ્ય ક્ષેત્રે છત્તિસગઢને બે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા.
- માતા મૃત્યુદરમાં ઘટાળો અને પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાનમાં વિશિષ્ટ કાર્ય બદલ છત્તિસગઢને

Vivekanand Academy Gandhinagar

૨૯ જૂનના રોજ આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.

- છત્તિસગઢને ઉપરોક્ત બંને અભિયાન બદલ બે આઇ પ્લેજ ફોર ૯ અચિવર્સ એવોર્ડ થી સન્માનીત કરવામાં આવ્યું.
- કેન્દ્રિય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાના હસ્તે છત્તિસગઢના સ્વાસ્થ્યમંત્રી અજય ચંદ્રાકરને આ એવોર્ડ આપવામાં આવ્યા.
- છત્તિસગઢ રાજધાની – રાયપુર
- મુખ્યમંત્રી –ડૉ. રમનસિંહ
- રાજ્યપાલ – બદલરામદાસ ટંડન

પ્રશ્નો :

૧ દેશના ૧૧૫ પછાત જિલ્લામાં પ્રથમ ક્રમે કયો જિલ્લો છે ?

– દાહોદ

૨ દેશના ૧૧૫ પછાત જિલ્લામાં ગુજરાતના કેટલા જિલ્લા લેવામાં આવ્યા હતા ?

– બે (૨)

૩ સુરેશ પ્રભુએ ગુમ થયેલા બાળકોને શોધવા માટે કઇ એપ લોન્ચ કરી ?

– રિયુનાઇટ

૪ બાળકોની સુરક્ષા કરતું ભારતનું સૌથી મોટું આંદોલનનું નામ જણાવો ?

– બચપન બચાવો આંદોલન

૫ બચપન બચાવો આંદોલનના સ્થાપક જણાવો ?

– કૈલાશ સત્યાર્થી

૬ 'સૌર ચરખા મિશન' કોણે લોન્ચ કર્યું ?

– રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

૭ તાજેતરમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે છત્તિસગઢને કેટલા રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત થયા ?

– ૨ (બે)

૮ કેન્દ્રિય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જણાવો ?

– જે.પી. નડ્ડા.

Vivekanand Academy Gandhinagar